**સુવિચાર**

ઉમળકા વગરનાં સબંધ કરતા તો સબંધ વગરનો ઉમળકો સારો.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૭/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


# અમરેલી એક્સપ્રેસ


જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
ગૌરીવ્રત-જયાપાર્વતીના ઉપવાસ માટે
ફ્રાઈટ શિખંડ
ન્યુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯, અમરેલી, મો.8999990099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૧૭૭


## ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરાફેરી બંધ કરવામાં સરકાર નિષ્ફળ

# અમરેલી જિલ્લામાંથી વિદેશી દારૂનું વાહન અને દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઇ

**બાબરાનાં ઈંગોરાળા ગામ નજીકથી વિદેશી દારૂ ભરેલ મહાકાય ટ્રક પોલીસે ઝડપી લીધો**

**રાજુલાનાં ઉચૈયા ગામનાં વાડી વિસ્તારમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઇ**

**બુટલેગરોને પોલીસનો કોઈ ડર રહ્યો ન હોય તેમ ખુલ્લેઆમ દારૂની હેરફેર થાય**

**વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીની સરકાર દારૂબંધીની અમલવારી કરાવી શકતી નથી**



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાંથી છેલ્લા ૨૪ કલાકમાં વિદેશી દારૂ ભરેલ ટ્રકઅનેદેશીદારૂનીભઠ્ઠીઝડપાતાંસભ્ય સમાજ અને ગાંધીવાદી વ્યકિતઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગાંધીનગર ખાતેથી ભ્રષ્ટાચારમુકત શાસન, શાંત, સમૃધ્ધ અને વિકસિત ગુજરાતનાંગાણાગવાઈરહ્યાહોયતેમજ હમણા નવો શબ્દ પ્રચલિત બન્યો છે "જીરો ટોલરન્સ" પણ આ બધુ માત્ર ભાષણમાંજજોવામળીરહ્યુંહોયતેવુંસૌ માનેછે.

દરમિયાનમાં બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી. જાડેજાની રાહબરી હેઠળ પો.સબ ઈન્સ આર.વી રાઠોડ તથા એ.એસ.આઈ કીરણભાઈ સોલંકી તથા હેડ કોન્સ. રાજેન્દ્રસિંહ વાઘેલા તથા રજનીકાતં પાનસઢીયા તથા રાજેર્ભાઈ રાઠોડ તથા પો.કોન્સ. છત્રપાલસિંહ ગોહીલ તથા વજયભાઈ ચારડીયા તથા રણજીતભાઈ ઘુઘાભાઈ શેખ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### લોકો પાયલટની સતર્કતાનાં કારણે

# સાવરકુંડલા-ગાધકડા વચ્ચેનાં રેલ્વે ટ્રેક ઉપર 3 સિંહોને બચાવી લેવાયા

**અવારનવાર સિંહોની રેલ્વે ટ્રેક ઉપર અવરજવર**

અમરેલી, તા. ૭

ભાવનગર રેલવે મંડળ દ્વારા સિંહો તથા વન્યપ્રાણીઓના સુરક્ષા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળની સૂચના મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઈલટ્સ નિર્ધારિત ગતિનું પાલન અને ખાસ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલવે ડિવિઝનના લોકો પાઈલટ્સની સતર્કતા અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી, ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧૫૯ સિંહોને બચાવી લેવામાં આવ્યા છે. તથા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં અત્યાર સુધીમાં કુલ ૨૦ સિંહોને બચાવી લેવામાં આવ્યા છે.

ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપી હતી કે, ૬/૭/૨૫ (રવિવાર)ના રોજ, લોકો પાઈલટ ભૂપેન્દ્ર મીણા (મુખ્ય

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ७७२९५
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.8000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
SBI general
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz



નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં





## પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધીની ચૂંટણીમાં અનેક ચહેરા આવ્યા અને ગયા

# સાવરકુંડલાની નાવલી શાકમાર્કેટનું કોઈ કલ્યાણ કરતું નથી

અવારનવાર મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયા છતાં તંત્રને કાંઈ પડી નથી

શહેરને સુંદર મજાની શાકમાર્કેટ આપી શકે તેવા પાણીદાર નેતાની સૌને શોધ

ચૂંટણીમાં હથેળીમાં ચાંદ બતાવતાં જનપ્રતિનિધિઓ બાદમાં મંગળ, ચંદ્રની વાતો જ કર્યા કરે છે

શહેરીજનો જાગૃત બનીને શાસકોનો કાન આમળે તો જ સમસ્યાઓ થશે દૂર



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલાશહેરમાંનાવલી બજારમાં શાકમાર્કેટ છે. જેનાકારણે શાકભાજી વેચનારાઓ અને શાકભાજી ખરીદનારાઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે. થોડા મહિના પહેલા આ શાકમાર્કેટ નાવલી નદીમાં બેસતી પરંતુ હાલ રિવરફ્રન્ટના કામને લીધે અને ચોમાસાને લીધે નદીમાં પાણીનો ભરાવો અવારનવાર થતો હોય આ શાકમાર્કેટના શાકભાજી વેચનારા નાવલી બજાર રોડ ઉપર બેસીને શાકભાજી વેચી રહ્યા છે. શહેરની એક લાખ જેટલી જનતા અહીયા સવારથી સાંજ સુધી શાકભાજી ખરીદવા આવે છે. આ સમસ્યા આજની નથી સાવરકુંડલાનું અસ્તિત્વ થયું ત્યારથી આજ સુધી અનેક સત્તાધીશો બદલાયા, અનેક પક્ષના નેતાઓ આવીને ગયા પરંતુ સાવરકુંડલાની શાકમાર્કેટ બાબતે કોઈ નેતાઓએ કે કોઈ રાજકીય પક્ષના પદાધિકારીઓએ શહેરીજનોની આ પાયાની મહત્વની અને પેચીદી પીડાદાયક પરિસ્થિતિનો વિચાર કર્યો જ નથી લાગતો એવું જણાય રહ્યું છે.!! જોકે સાવરકુંડલાની જનતા આશાવાદી અને સહનશીલ પણ છે. હવે એક અદ્યતન શાકમાર્કેટની સાવરકુંડલા શહેરને આવશ્યકતા છે. સહકારમાં માનતી આ જનતા હવે આ બાબતે ભારે પરેશાની સાથે ત્રાસી ગઈ છે અને શાકમાર્કેટ માટે કોઈ મહાનાયક બુલંદ અવાજ ઉઠાવી શહેરને એક અદ્યતન સુવિધાસભર શાકમાર્કેટ અપાવે તેવા મહાનુભાવની ચાતક નયને તલાશ છે.

### મેઘો મન મુકીને વરસ્યો

## બાબરામાં રવિવારે ૨ કલાકમાં 3 ઇંચ વરસાદ : કાળુભાર નદી બે કાંઠે

### સમગ્ર પંથકમાં વરસાદથી ખેતરો પાણી પાણી

બાબરા, તા. ૭

બાબરામાં આજે બપોરે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતાં બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ પડી જતા શહેરની કાલુભાર નદીમાં ઘોડાપુર આવ્યું હતું. જોરદાર વરસાદના કારણે બઝારોમાં અને સોસાયટીમાં પાણી ભરાયા હતા તેમજ કાલુભાર નદીનું પુર બુધવારીના પુલ પર વહેવા લાગ્યું હતું અને લોકો જોવા ઉમટી પડયા હતા.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સારો બે ઈંચ વરસાદ પડયો હતો. અહીં જામ બરવાળા, ચરખા, વાવડી, ધરાઈ, ચમારડી, દરેડ ખાખરીયા, લુણકી, કરીયાનાં, મોટા દેવલિયા, ગલકોટડી સહિત તમામ ગામમાં સારો વરસાદ પડયો હતો. ખેતરમાં પાણી ભરાયા હતા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વરાપની રાહ જોતા ખેડૂતો સતત વરસાદના કારણે હવે પાકની પણ ચિંતા થવા લાગી છે કારણ કે હજુ વરાપ નહિ નીકળતા ખેતરમાં કામ ઘણું છે અને પાકની વૃધ્ધિ વરાપ વગર આવે નહિ હાલ ખેડૂતો વરાપની રાહ જોઈને બેઠા છે.

### વાહન ચાલકોમાં અકસ્માતનો ભય

## દામનગરમાં ઠાસા માર્ગ ઉપરનાં નાળામાં મસમોટા ગાબડા પડયા

### એક ફુટ સળીયા બહાર આવી ગયા

દામનગર, તા. ૭

દામનગર જયાં સુધી પુલ ન બને ત્યાં સુધી ઠાસા રોડ પરનાં બેઠા નાળામાં પડેલ મસ મોટા ખાડા અને એક ફુટ બહાર આવી ઊંચા થયેલ સળીયા કોઈનો ભોગ લેશે તો વિકાસ જવાબદાર ગણાશે? રોડ બનાવવા માટે અને પુલ–નાળા બનાવવા માટે કરોડો ખર્ચી નાખવા છતાં કોઈ ગેરેંટી હોતી નથી કે કેટલો સમય ટકશે. ના સવાલો ઉઠતાં હોય, પણ જયારે કોઈ સત્તા પક્ષના નેતાની કે જનતાના પ્રતિનિધિનું ખાડાના કારણે અકસ્માત થાય ? તો




રાતોરાત ખાડા બુરાઈ જાય અને મુખ્યમંત્રી અથવા વડાપ્રધાન આવવાના હોય તે પહેલાં રસ્તાઓ ટનાટન બનાવી નાખતાં હોય તો શું આમ જનતાની કોઈ કિંમત કે સુરક્ષા માટે વારંવાર કરગરવાનું.

### આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ અંતર્ગત

## અમરેલી જિલ્લામાં 'સ્વચ્છતા મે સહકાર' કાર્યક્રમો યોજાયા

### સહકારી મંડળીઓ, સહકારી સંઘો અને સહકારી બેંકો ઉજવણીમાં જોડાઈ

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ– ૨૦૨૫ અંતર્ગત તા.૫ જુલાઈના રોજ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં 'સ્વચ્છતા મે સહકાર' કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં પ્રભાત ફેરી અને સ્વચ્છતાલક્ષી કાર્યક્રમ યોજાયા હતા.

જિલ્લાની સેવા સહકારી મંડળીઓ, સહકારી સંઘો તથા નાગરિક સહકારી બેન્કો ધ્વારા 'સ્વચ્છતા મે સહકાર' કાર્યક્રમની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં સહકારી સંસ્થાના આગેવાનો અને સ્થાનિક નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, ICA સંગઠન ધ્વારા સમગ્ર વિશ્વમાં વર્ષ– ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ જાહેર કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ અને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ની જન્મ જયંતી નિમિત્તે જુલાઈના પ્રથમ સપ્તાહને સહકાર સપ્તાહ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમ સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રારએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા

## વડેરાનાં સરપંચ ભરત હપાણીની ઘરવાપસી

### ભાજપા પ્રમુખે આવકાર્યા



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની અધ્યક્ષતામાં અમરેલી ખાતે સરપંચ સન્માન સમારોહમાં અમરેલી જિલ્લા કોંગ્રેસનાં આગેવાન અને વડેરાના સરપંચ ભરતભાઈ હપાણી, પૂર્વ સરપંચ કમલેશભાઈ દેથળિયાએ કેસરિયા કર્યા હતા. ભરતભાઈ હપાણી સાથે આવેલા આગેવાનોને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલીનાં ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીમાં આવકાર્યા હતા.

## પાડરશીંગા : શ્રી નકળંગધામ આશ્રમ ખાતે ગુરૂ પૂર્ણિમાં ઉજવાશે



દામનગર, તા. ૭

નકળંગધામ આશ્રમ પાડરશીંગા મુકામે ગુરૂવાર "ગુરૂ પૂર્ણિમા" ઉત્સવની ઉજવણીનું દિવ્ય આયોજન. ભકતજનો ગુરૂ પુજન અને મહાપ્રસાદનો લાભ લેશે. આગામી તા. ૧૦/૭/૨૫ને ગુરૂવારના રોજ દામનગરથી નજીક આવેલ નકળંગધામ પાડરશીંગા ગામમાં "ગુરૂ પૂર્ણિમા" નિમિત્તે સવારનાં ૭ કલાકે "ગુરૂ પૂજન" થશે. અને બપોરના મહાપ્રસાદનું આયોજન રાખેલ, આ ધાર્મિક ઉત્સવનો લાભ લેવા પ.પૂ. મહંત બાલકદાસબાપુ ગુરૂ પ્રેમદાસબાપુએ જણાવેલ છે.

### શોર્ટ સરકીટનાં લીધે બન્યો બનાવ

## બાબરા : ખંભાળા ગામ નજીક હાઈવે ઉપર એક કાર ભડભડ સળગી

### સદ્દનસીબે ચારેય મુસાફરોનો આબાદ બચાવ

બાબરા, તા. ૭

જસદણ તાલુકાના ખોડલાધારના ચાર જેટલા લોકો બાબરા કોઈ કામ સબબ આવ્યા હતા અને પરત વળતી વેળાએ અહીં ખંભાળા ગામ નજીક હાઈવે રોડ પર કારમાં ધૂવાડાં શરૂ થતાં કાર ચાલક સમજી જતા તાત્કાલિક અસરથી કારમાં સવાર ચાર જેટલા લોકો બહાર નીકળી રોડની બીજી તરફ જતા રહેતા થોડીવારમાં કારમાં આગ વિકરાળ સ્વરૂપ લઈ લીધું હતું અને કાર બળીને ખાખ થઈ ગઈ હતી. કાર ચાલકની સમય



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સુચકતાના કારણે ચાર લોકોનો ચમત્કારી બચાવ થયો હતો.

### સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ

## કોટડાપીઠા સહિતનાં વિસ્તારમાં મેઘો મન મુકીને વરસ્યો : ૨ ઇંચ

### નદી, નાળા, ચેકડેમો છલકાય ગયા



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૭

બાબરા તાલુકાનાં કોટડાપીઠા તેમજ આજુબાજુના ગ્રામ્ય પંથકમાં થોડા સમયથી ઝરમર વરસાદ વરસતો હતો. પરંતુ આજે બપોરનાં દોઢ કલાકમાં મેઘો મન મુકી વરસતા બે ઈંચ વરસાદ પડેલ હતો. આ વરસાદથી ખેતરો પાણીથી તરબોળ થયેલ ચેકડેમો છલાકાયાં તેમજ નદીનાળા જીવંત બનેલ છે. એકબાજુ વરસાદથી આનંદ છે. ત્યારે ખેતી માટે સતત વરસાદની નીંદામણ થઈ શકતુ નથી. આ લખાય છે. ત્યારે પણ હજુ ધીમી ધારે વરસાદ ચાલુ છે.

### મચ્છરજન્ય રોગો ફેલાય તે પહેલા

## દામનગરનાં નવા બસ સ્ટેન્ડ નજીક માર્ગમાં ભરાયેલ પાણીને દુર કરો

### જયાં પણ પાણી ભરાઈ ત્યાંથી દુર કરો



દામનગર, તા. ૭

પાણી અને મચછરજન્ય રોગચાળો ફેલાય પછી તંત્ર હરકતમાં આવતું હોય છે. અગમચેતીના ભાગ રૂપે લોકોની સુખાકારી માટે દામનગર શહેરમાં નવાં બસસ્ટેન્ડ સામે મુખ્ય માર્ગ પર ગેઈટથી નજીક વરસાદી પાણીનો નિકાલ નહીં થતો હોવાનાં કારણે મચ્છરોના ઝુંડથી રોગચાળો ફેલાય તે પહેલાં યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી છે. સત્તાધીશો જયાં–જયાં જાહેર માર્ગો પર પાણી ભરાઈ રહેતું હોય ત્યાં નિકાલ માટે જડપી કામગીરી કરશે તો, કોઈ ઉપકાર નહીં ગણાય...!!

## વ્યાપક વરસાદથી અનેક માર્ગો ભયજનક બની જતાં

# અંતે અમરેલી જિલ્લાનાં માર્ગોનાં ગાબડા બુરવાનું શરૂ

**નાના આંકડીયા-ચિતલ, સાવરકુંડલા-રંઘોળા, બાઢડા-થોરડી-રાજુલા, ચાંચ-ખેરા-પટવા સહિતનાં માર્ગોમાં પેચવર્ક થયું**

**મેટલ પેચવર્ક બાદ વરસાદી વાતાવરણ ન હોય ત્યારે ડામર પેચ કરવાનું આયોજન**

**જિલ્લાનાં માર્ગ-મકાન (રાજય) વિભાગનાં માર્ગોની મરામત કરાઈ**

**પંચાયત માર્ગ-મકાન વિભાગ દ્વારા પણ કામગીરી શરૂ થાય તે જરૂરી**



અમરેલી, તા. ૭

જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત હોય તેવા રસ્તાઓની મરામત કામગીરી માટે રાજય સરકાર દ્વારા દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે.

આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે પણ ઉચ્ચસ્તરેથી સંબંધિત વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડાં દિવસો પૂર્વે થયેલા વરસાદથી અસરગ્રસ્ત શહેરી અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓના મરામતની કામગીરી અમરેલી જિલ્લામાં શરૂ છે. વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓની મરામત પ્રક્રિયા હાલ શરૂ છે.

બિસ્માર રસ્તાઓનું મેટલિંગ દ્વારા પેચવર્ક થઈ રહ્યું છે, જિલ્લાના માર્ગ અને મકાન (રાજય) વિભાગ હેઠળના રસ્તાઓનું પેચવર્ક શરૂ છે.

માર્ગ અને મકાન (રાજય) દ્વારા, અમરેલીના નાના આંકડિયા-ચિત્તલ રોડ, સાવરકુંડલા-રંઘોળા રોડ, બાઢડા-થોરડી-રાજુલા રોડ, રાજુલા-ડુંગર રોડ, ચાંચ-ખેરા પટવા રોડ પર મેટલવર્ક કરવામાં આવ્યું છે. મેટલ પેચવર્ક બાદ હવે વરસાદી વાતાવરણ ન હોય ત્યારે ડામર પેચ વર્ક કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

નાગરિકોને વાહન વ્યવહારમાં રાહત મળી રહે તે માટે માર્ગ મરામતની કામગીરી માર્ગ અને મકાન તંત્ર દ્વારા ઝડપભેર કરવામાં આવી રહી છે, તેમ અમરેલી માર્ગ અને મકાન (રાજય) ના કાર્યપાલક ઈજનેરે એક યાદીમાં જણાવ્યુ છે.

## લીલીયા : મોહરમ પર્વની ઉજવણી કરાઈ



લીલીયા, તા. ૭

લીલીયા મોટા ખાતે શહીદે કરબલાવાળાની યાદમાં મોહરમ પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં સુન્ની મુસ્લિમ જમાત લીલીયા તેમજ તખત ગ્રુપ લીલીયા દ્વારા કલાત્મક તાજીયા બનાવવમાં આવેલ તેમજ સબર ગ્રુપ લીલીયા દ્વારા દૂધ કોલડ્રિંક તેમજ નાસ્તા, સરબતની વ્યવસ્થા લોકો માટે કરવામાં આવેલ સવારથી જ શહીદ એ કરબલા વાળાની યાદમાં તાજીયા શહેરના મુખ્ય માર્ગો પર ફેરવવામાં આવેલ અને સમગ્ર વાતાવરણ યા હુસેન યા હુસેનના નાદથી ગુંજી ઉઠયું હતું. આ તકે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ.જે. ગીડાની સૂચના અને માર્ગદર્શન તળે પી.એસ.આઈ.વાય એમ જાડેજા દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા શુભ હેતુથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241







ખુશ ખબર સારા સમાચાર — TATA AIA LIFE INSURANCE — ખુશ ખબર સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોય, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪




ગૌરીવ્રત તેમજ જયાપાર્વતી વ્રત નિમિત્તે
મોળી વેફર્સ
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ મોળો ફરાળી ચેવડો
સ્પે.માવાના પેંડા (જાયફળવાળા)
ટોપરાપાક ▪ શીંગપાક
તેમજ વિવિધ ચટપટુ ફરસાણ તો ખરૂજ...
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



### બેંગ્લુરુ બાદ હૈદરાબાદમાં FIR

# રાહુલ ગાંધીને બદનામ કરવા ચેડાં કરેલી તસવીર શેર કરી

## રતન રંજન અને અન્ય સોશિયલ મીડિયા યુઝર્સ સામે રાહુલ ગાંધીનો છેડછાડ કરેલો ફોટો પર પોસ્ટ કરવા બદલ ફરિયાદ

હૈદરાબાદ, તા.૭

હૈદરાબાદના બેગમ બજાર પોલીસ સ્ટેશનમાં રતન રંજન અને અન્ય સોશિયલ મીડિયા યુઝર્સ સામે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો છેડછાડ કરેલો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા બદલ ફરિયાદ નોંધી છે. તેલંગાણા યુથ કોંગ્રેસના પ્રમુખ જક્કીડી શિવ ચરણ રેડ્ડીએ આ ફરિયાદ નોંધાવી છે. તેમણે આરોપ લગાવ્યો કે આ પોસ્ટ અશ્લીલ અને અપમાનજનક કન્ટેન્ટ ફેલાવી રહી છે, જેનો હેતુ મહિલાઓના ગૌરવને ઠેસ પહોંચાડવાનો અને કોંગ્રેસના નેતાઓને બદનામ કરવાનો છે.

તેલંગાણા યુથ કોંગ્રેસના પ્રમુખ જક્કીડી શિવ ચરણ રેડ્ડી દ્વારા નોંધાવેલી ફરિયાદ અનુસાર, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો છેડછાડ કરેલો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાની ઘટના પાંચમી જુલાઈની છે, જ્યારે રતન રંજને સોશિયલ મીડિયા પર રાહુલ ગાંધીનો આ ફોટો પોસ્ટ કર્યો હતો. બિહારમાં મહિલા કોંગ્રેસ દ્વારા આયોજિત જાગૃતિ અભિયાનના ભાગ રૂપે વિતરણ કરાયેલા સેનિટરી પેડ્સ પર કોંગ્રેસ નેતાનો ચહેરો કથિત રીતે લગાવવામાં આવ્યો હતો. આ પોસ્ટ સમગ્ર ભારતમાં મહિલાઓના ગૌરવ માટે અપમાનજનક હતી અને મહિલાઓના સ્વાસ્થ્યના મુદ્દાને ઓછો આંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મહિલા કોંગ્રેસે બિહારમાં એક ખાસ ઝુંબેશ શરૂ કરી છે, જે હેઠળ ૫ લાખ મહિલાઓને મફતમાં સેનિટરી પેડ આપવામાં આવશે. આ સેનિટરી પેડ્સના પેકેટ પર કોંગ્રેસ નેતાનો ફોટો છપાયેલો છે, જ્યાં નારી ન્યાય, મહિલા સન્માન જેવા સૂત્રો પણ લખેલા છે. કોંગ્રેસે આ ઝુંબેશને લગતા ફેક તસવીરો અને વીડિયો વાયરલ થતા વાંધો ઊઠાવ્યો છે.

બેગમ બજાર પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા (BNS ૨૦૨૩)ની કલમ ૭૯, ૧૯૨, ૧૯૬, ૧૯૭, ૨૯૪, ૩૫૩, ૩૫૬ અને IT એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૭ (જે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અશ્લીલ સામગ્રીના પ્રકાશન અથવા પ્રસારણ સાથે સંબંધિત છે) હેઠળ કેસ નોંધ્યો છે. બેગમ બજાર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર પી. ભરત કુમારે જણાવ્યું હતું કે, આ કેસની તપાસ ઈન્સ્પેક્ટર કોડાલા યેદુકોન્ડાલુને સોંપવામાં આવી છે.

બેંગલુરુમાં પણ ફરિયાદ નોંધવામાં આવી છે. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે સોશિયલ મીડિયા પર X પર આ અંગે માહિતી આપી હતી. તેમણે FIRની નકલ શેર કરીને લખ્યું, રાહુલ ગાંધીના ફોટાનો દુરુપયોગ કરીને નકલી વીડિયો બનાવવા સામે FIR નોંધવામાં આવી છે. અન્ય લોકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે આક્ષેપ કરતાં કહ્યું

# ભારત તો ૪૦મા ક્રમે છે, સરકારે ચોથો ક્રમ કેવી રીતે બતાવ્યો

## ભ્રામક દાવાઓ સાથેનો રિપોર્ટ પાછો ખેંચવો જોઈએ

નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસે આજે સોમવારે કેન્દ્ર સરકાર પર વર્લ્ડ બેન્કના રિપોર્ટની ખોટી માહિતી ફેલાવી હોવાનો આક્ષેપ કર્યો છે. જેમાં કેન્દ્ર સરકારે વિશ્વમાં ચોથા ક્રમનો સમાનતા ધરાવતો દેશ ભારત હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જ્યારે વાસ્તવમાં રિપોર્ટમાં ભારત વિશ્વનો ૪૦મો સૌથી વધુ અસમાનતા ધરાવતો દેશ છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે આક્ષેપ કરતાં કહ્યું છે કે, સરકારે જાણી જોઈને ખોટી માહિતી ફેલાવી છે. જ્યારે સત્ય એ છે કે, ભારત વિશ્વનો ૪૦મો સૌથી વધુ અસમાનતા ધરાવતો દેશ છે. પીઆઈબીએ આવો ખોટો દાવો કરતી પ્રેસ રીલિઝ પાછી ખેંચવી જોઈએ.

જયરામ રમેશે એક નિવેદનમાં જણાવ્યું કે, તમે ક્રોનોલોજી સમજો. એપ્રિલ, ૨૦૨૫માં વર્લ્ડ બેંકે ભારત માટે પોવર્ટી એન્ડ ઈક્વિટી બ્રીફ રિપોર્ટ જાહેર કર્યો હતો. ત્યારબાદ કોંગ્રેસે એક નિવેદન જાહેર કરી તે રિપોર્ટમાં સામેલ અનેક ચેતવણીના સંકેતો તરફ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. જેમાં સામેલ હતું કે, ભારતમાં ગરીબી અને અસમાનતાના સરકારી આંકડા વાસ્તવિક સ્થિતિથી ઓછા બતાવવામાં આવે છે. તે રિપોર્ટ રજૂ થયાના ત્રણ મહિના બાદ ૫ જુલાઈના રોજ મોદી સરકારની જયકારા મંડળી અને પ્રેસ (મિસ) ઈન્ફોર્મેશન બ્યૂરો (PIB)એ એક પ્રેસ રીલિઝ જાહેર કરી ચોંકાવનારો રિપોર્ટ આપ્યો. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો કે, વિશ્વમાં સૌથી વધુ સમાનતા ધરાવતા દેશમાં ભારત ચોથા ક્રમે છે.

મોદી સરકાર વર્લ્ડ બેંકના રિપોર્ટનું વિશ્લેષણ કરવામાં બેદરકાર રહી હતી. તેમજ જાણી જોઈને ખોટો રિપોર્ટ આપ્યો. પોતાના નિષ્કર્ષ સુધી પહોંચવા માટે મોદી સરકારે જાણી-જોઈને બે જુદા-જુદા માપદંડોનો ઉપયોગ કર્યો. ભારત માટે વપરાશ આધારિત અસમાનતા અને અન્ય દેશો માટે આવક આધારિત અસમાનતા. તેઓ કહે છે કે બે બાબતોની તુલના કરવા માટે, તેને સમાન ધોરણ દ્વારા ચકાસવા જરૂરી છે અને આ માત્ર આર્થિક વિશ્લેષણનો મૂળભૂત સિદ્ધાંત જ નથી, પરંતુ સામાન્ય સમજનો વિષય પણ છે. ભારતની આવક આધારિત સમાનતા અન્ય દેશો કરતાં ઘણી ઓછી છે. કોંગ્રેસ નેતાએ આગળ કહ્યું હતું કે, ભારતમાં વપરાશ આધારિત અસમાનતા માપવાનો વિકલ્પ પણ સંપૂર્ણપણે જાણી જોઈને લેવામાં આવ્યો હતો. હકીકતમાં, વપરાશ-આધારિત અસમાનતા હંમેશા આવક-આધારિત અસમાનતા કરતા ઓછી હોય છે, કારણ કે શ્રીમંત લોકો તેમની આવકનો મોટો ભાગ બચાવે છે અને તેનો ખર્ચ કરતા નથી. જ્યારે આપણે ભારતની આવક-આધારિત સમાનતાની તુલના વિશ્વના બાકીના દેશો સાથે કરીએ છીએ, ત્યારે ભારતનું પ્રદર્શન ખૂબ જ ખરાબ છે. ૨૦૧૯માં, ભારત ૨૧૬ દેશોમાંથી ૧૭૬માં ક્રમે હતું. ભારત વિશ્વનો ચોથો સૌથી સમાન આવક ધરાવતો દેશ નથી પરંતુ અસમાન આવક ધરાવતો વિશ્વનો ૪૦મો દેશ છે. તેમણે આરોપ લગાવ્યો કે મોદી શાસનમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં આવકની અસમાનતા વધી છે. ભારતમાં સંપત્તિ-આધારિત અસમાનતા આવક-આધારિત અસમાનતા કરતાં ઘણી વધારે છે. જે સ્પષ્ટપણે દર્શાવે છે કે છેલ્લા ૧૧ વર્ષમાં સત્તા અને મૂડીના જોડાણથી પસંદગીના થોડા ધનિક લોકોને કેટલો મોટો ફાયદો થઈ રહ્યો છે. સરકારના પીઆઈબી દ્વારા ફેલાવવામાં આવતા આ પ્રકારના ભ્રામક વિશ્લેષણ બે ગંભીર સત્યોમાંથી એકને ઉજાગર કરે છે - કાં તો આ સરકારમાં પ્રતિભાનો ખતરનાક અભાવ છે, અથવા બૌદ્ધિક પ્રામાણિકતાનો સંપૂર્ણ અભાવ છે.

જયરામ રમેશે સરકારને સલાહ આપી કે, પીઆઈબીએ તાત્કાલિક સ્પષ્ટતા કરવી જોઈએ કે આ પ્રેસ રિલીઝ કોના નિર્દેશો પર જારી કરવામાં આવી હતી અને તેને તાત્કાલિક પાછી ખેંચી લેવી જોઈએ. મોદી સરકારના અધિકારીઓ તરફથી મનસ્વી અને અસંગત નિવેદનો એક ખતરનાક વલણ બની રહ્યા છે. મે ૨૦૨૫ માં પણ, ભારતીય અર્થતંત્રના કદ અંગે નીતિ આયોગના અધિકારીઓ તરફથી એક પછી એક વિરોધાભાસી અને મૂંઝવણભર્યા નિવેદનો આપવામાં આવ્યા હતાં.

### ટ્રમ્પની દરેક વાત નહીં માનવામાં આવે!

# ભારતનો અમેરિકાને જોરદાર જવાબ, મીની ટ્રેડ ડીલ અમારી શરતો પર થશે

## ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી મીની ટ્રેડ ડીલ વાટાઘાટો હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે

નવી દિલ્હી, તા.૭

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી મીની ટ્રેડ ડીલ વાટાઘાટો હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગઈ છે. પરંતુ ભારતે સ્પષ્ટ કર્યું છે કે આ ડીલ ફક્ત અમેરિકાની શરતો પર રહેશે નહીં. કૃષિ અને ડેરી જેવા સંવેદનશીલ ક્ષેત્રોને આ ડીલથી દૂર રાખવામાં આવશે અને ભારત તેની સ્થાનિક પ્રાથમિકતાઓ સાથે કોઈ સમાધાન કરશે નહીં.

જો સૂત્રોનું માનીએ તો, આ ડીલ હવે અંતિમ તબક્કામાં છે અને ૯ જુલાઈ પહેલા તેની જાહેરાત થવાની સંભાવના છે. આ તે જ તારીખ છે જ્યારે યુએસ દ્વારા રિવર્સ ટેરિફ પર ૯૦ દિવસનો પ્રતિબંધ સમાપ્ત થઈ રહ્યો છે. જો કરાર ન થાય, તો ભારતમાંથી યુએસ બજારમાં મોકલવામાં આવતા માલ પર ૨૬% સુધીની ડ્યુટી લગાવવામાં આવી શકે છે, જેનાથી ભારતીય નિકાસકારોને ભારે નુકસાન થઈ શકે છે.

અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ એક મર્યાદિત અને વચગાળાનો કરાર હશે, જેમાં ફક્ત માલસામાન વેપારનો સમાવેશ થશે. સેવા ક્ષેત્ર, કૃષિ અને ડેરી જેવા જટિલ અને વિવાદાસ્પદ મુદ્દાઓ પછીની વાતચીત માટે છોડી દેવામાં આવ્યા છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, આ એક શરૂઆતની ડીલ છે. જો કેટલાક મુદ્દાઓ ઉકેલાઈ જાય, તો ભવિષ્યમાં નવી ડીલ થઈ શકે છે.

ભારત આ ડીલને તેની ઔદ્યોગિક શક્તિ અને સ્થાનિક ખેડૂતોના હિત વચ્ચે સંતુલન સાથે જોઈ રહ્યું છે. સરકાર કાપડ, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ઉત્પાદનો માટે યુએસ બજારમાં સરળ પ્રવેશ ઈચ્છે છે. ભારતને આશા છે કે આનાથી ઉત્પાદન ક્ષેત્રને વેગ મળશે અને રોજગાર પણ વધશે. તે જ સમયે, અમેરિકા ભારત પર આનુવંશિક રીતે સુધારેલા (GM) પાક અને પશુ આહાર વેચવાની મંજૂરી આપવા માટે દબાણ કરી રહ્યું છે. પરંતુ ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડી શકે નહીં, ખાસ કરીને જ્યારે મોટાભાગના ખેડૂતો નાના અને સીમાંત હોય ત્યારે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલેથી જ કહ્યું છે કે જો ૯ જુલાઈ સુધીમાં કોઈ કરાર નહીં થાય, તો અમેરિકા એવા દેશો પર ટેક્સ લગાવશે જે અયોગ્ય લાભ લઈ રહ્યા છે. પરંતુ ભારત આ દબાણ સામે ઝૂકતું નથી. સરકારે ટ્રમ્પની દરેક માંગણી સ્વીકારવાનો ઈનકાર કર્યો છે અને કહ્યું છે કે જે પણ કરાર થશે, તે અમારી પરિસ્થિતિઓ અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે.

### કાશ્મીરના પ્રવાસનને આ યાત્રા વરદાનરુપ સાબિત થઇ

# અમરનાથ યાત્રાથી જમ્મુ-કાશ્મીરના અર્થતંત્રને ૪૦૦ કરોડનો ફાયદો

## પ્રથમ ત્રણ દિવસમાં લગભગ ૪૮ હજાર શ્રધ્ધાળુઓ પવિત્ર ગુફાના દર્શન કરી ચુક્યા છે

જમ્મુ, તા.૭

શક્તિ ભક્તિ ઉત્સવ અને ઉત્સાહનું પ્રતિક અમરનાથ યાત્રાથી જમ્મુ કાશ્મીરની અર્થવ્યવસ્થાને લગભગ ૪૦૦ કરોડનો બુસ્ટર ડોઝ મળવા જઈ રહ્યો છે. પહેલગામમાં આતંકી હુમલા બાદ પાટા પરથી ઉતરી ગયેલ કાશ્મીરના પ્રવાસનને આ યાત્રા વરદાનરુપ સાબિત થઈ રહી છે. અમરનાથ યાત્રાના પ્રથમ ત્રણ દિવસમાં લગભગ ૪૮ હજાર શ્રધ્ધાળુઓ પવિત્ર ગુફાના દર્શન કરી ચુક્યા છે.શ્રધ્ધાળુઓનો ઉત્સાહ જોઈને અંદાજ લગાવી શકાય છે કે ૩૮ દિવસ ચાલનારી આ યાત્રામાં લગભગ ચાર લાખ શ્રધ્ધાળુઓ દર્શન કરશે. આ યાત્રાથી સૌથી વધુ ઘોડા,પાલખી, ટેંટવાળા,નાના દુકાનદાર અને ટેક્સીવાળાને સીધો રોજગાર મળી રહ્યો છે એટલે કે પૈસા સીધા આમ આદમીના ખીચામાં જશે.

જમ્મુ કાશ્મીરમાં વિશેષ ઘાટીમાં હોટલ ટ્રાન્સપોર્ટ દુકાનદાર વેપારી અને પ્રવાસન સ્થળ પર કામ કરતા નાના નાના દુકાનદારો અમરનાથ યાત્રાની આશા લગાવીને બેઠા હતાં.જમ્મુમાં બેઈઝ કેમ્પ કે બાલઘાટ પહેલગાવમાં બેઈઝ કેમ્પની આજુબાજુ ગરમ કપડા, વરસાદી છત્રી, બેગ થેલા સહિત પ્રવાસનનો સામાન વેચનાર નાની દુકાનવાળા વકરો થવાથી ખુશ છે. બાલઘાટ રુટમાં આઠ વર્ષથી પીઠ્ઠુનું કામ કરતા અલ્તાફ અહમદે કહ્યું હતું કે અમને અમરનાથ યાત્રામાં સારો વકરો થવાની આશા હોય છે.અમે ખેતી વાડી કરીએ છીએ અને આ યાત્રા દરમિયાન ૭૦-૮૦ હજાર કમાણી કરીએ જેથી ચાર પાંચ મહિના નીકળી જાય.

અમરનાથ યાત્રાળુઓ જમ્મુ કાશ્મીરના પ્રવેશ દ્વાર લખનપુરથી આગળ કઠુવા સાંબા જમ્મુ ઉધમપુર રામબન થઈને શ્રીનગર અનંતનાગ ગાંદરબલ જિલ્લામાં થઈને પસાર થાય છે. જેનાથી સ્થાનીક વેપારીઓને લાભ મળે છે. જમ્મુમાં નોંધણી કરાવવા આવતા શ્રધ્ધાળુઓ કે વહેલા આવી ગયેલા યાત્રાળુઓ રઘુનાથ મંદિર માતા વૈષ્ણવદેવી અને અન્ય ધાર્મિક સ્થળો પર પણ જઈ આવે છે. ઉપરાજ્યપાલ મનોજ સિન્હા અને મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા સતત દેશભરના શ્રધ્ધાળુઓને અમરનાથની યાત્રાએ આવવાની અપીલ કરે છે તેની પણ અસર યાત્રામાં જણાય છે.

ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ અરુણ ગુપ્તાએ કહ્યું કે અમરનાથ યાત્રાથી અમારા પ્રદેશની અર્થવ્યવસ્થાને બળ મળે છે. તેનો લાભ સ્થાનિક દુકાનદારો પ્રવાસન સબંધી ઘોડા-પાલખી પીઠ્ઠુનું કામ કરતા લોકોને મળી રહ્યો છે. આ વખતે પણ અમને આશા છે કે આ વર્ષની અમરનાથ યાત્રા અહીની અર્થવ્યવસ્થા માટે શુભ રહેશે.

### અગાઉ આ ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ થયો હતો

# લાગણી અને દેશભક્તિ વચ્ચેની કશમકશનું રેખાંકન કરશે 'સરઝમીન' ફિલ્મ

## ટ્રેલરમાં, માતા કાજોલ નારાજ છે, જ્યારે પૃથ્વીરાજ અને ઇબ્રાહિમ વચ્ચેનો ઝઘડો પણ જોવા મળે છે

મુંબઈ, તા.૭

કાજોલ, પૃથ્વીરાજ સુકુમારન અને ઈબ્રાહિમ અલી ખાન અભિનીત ફિલ્મ 'સરઝમીન'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. થોડા દિવસો પહેલા, આ ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ થયો હતો, જેમાં કાજોલ એક મુશ્કેલીગ્રસ્ત મહિલા, પૃથ્વીરાજ સુકુમારન દુશ્મનો સાથે લડતા સૈનિક અને ઈબ્રાહિમ અલી ખાન આતંકવાદી તરીકે જોવા મળ્યા હતા. ત્રણેયના લુક અને ફિલ્મના ટીઝરથી દર્શકોમાં આ ફિલ્મની વાર્તા શું બનવાની છે તે અંગે રસ જાગ્યો હતો.પૃથ્વીરાજની સામે એક કિશોર છોકરો ઉભો છે. તે ડરેલો છોકરો તેનો પુત્ર હરમન છે. પૃથ્વી તેના પુત્રને પૂછે છે - તમે તેને કેમ ન માર્યો? પૃથ્વીરાજના પોતાના દીકરા સાથેના સંબંધો સારા નથી. કાજોલ હરમનની માતા અને પૃથ્વીરાજની પત્નીની ભૂમિકા ભજવી રહી છે. પિતા-પુત્રના સંબંધો સારા નથી. હરમનના પિતા તેને પસંદ નથી કરતા. તેના માટે હરમન એક નબળો વ્યક્તિ છે. કાજોલ પૃથ્વીરાજને સમજાવવાનો પ્રયાસ કરે છે પણ તેનો કોઈ ફાયદો નથી. તેના પિતા તરફથી મળેલી નફરતથી, હરમન મોટો થાય છે અને ઈબ્રાહિમ અલી ખાનનું રૂપ ધારણ કરે છે, જે એક ક્રૂર આતંકવાદી છે.આગળ, ઈબ્રાહિમ અલી ખાનનો જબરદસ્ત એક્શન અવતાર જોવા મળશે. આ ઈબ્રાહિમનો પહેલો શક્તિશાળી રોલ છે, જેમાં તે એક્શન કરતો જોવા મળશે. ટ્રેલરમાં, માતા કાજોલ નારાજ છે, જ્યારે પૃથ્વીરાજ અને ઈબ્રાહિમ વચ્ચેનો ઝઘડો પણ જોવા મળે છે. બંને એકબીજાની સામે બંદૂકો તાકીને ઉભા છે. બંને વચ્ચે શું થશે? ફિલ્મની વાર્તામાં કયા મોટા ટ્વિસ્ટ આવશે, તે ફિલ્મ રિલીઝ થયા પોછી જ ખબર પડશે.દિગ્દર્શક કયોઝ ઈરાનીની ફિલ્મ 'સરઝમીન' ૨૫ જુલાઈના રોજ સ્ટ્રીમ થવા જઈ રહી છે. કરણ જોહરે તેના બેનર ધર્મા પ્રોડક્શન્સ હેઠળ તેનું નિર્માણ કર્યું છે. દર્શકો ઈબ્રાહિમ અલી ખાનને નવા અવતારમાં જોવા માટે ઉત્સુક છે. કાજોલ અને પૃથ્વીરાજ સુકુમારનની જોડી પણ ફિલ્મને રસપ્રદ બનાવી રહી છે. આપણે જોવું પડશે કે તેમાં શું થાય છે.

### ટ્રાન્સફર-પોસ્ટિંગનું દબાણ ના કરશો

# મંત્રી-સાંસદ અને ધારાસભ્યોને ચાલુ મીટિંગમાં IAS ની વોર્નિંગ

## કોઈપણ જનપ્રતિનિધિ કોઈપણ અધિકારી પર ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં કારણ કે આ સરકારી આદેશની વિરુદ્ધ છે

દેવરિયા, તા.૭

ઉત્તર પ્રદેશના દેવરિયાના કલેક્ટર દિવ્યા મિત્તલ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. આ દરમિયાન તેમનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે એક મીટિંગ દરમિયાન જનપ્રતિનિધિઓને વોર્નિંગ આપતા જોવા મળે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈપણ જનપ્રતિનિધિ કોઈપણ અધિકારી પર ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં. કારણ કે આ સરકારી આદેશની વિરુદ્ધ છે. આ મીટિંગમાં મંત્રી-સાંસદ અને ધારાસભ્ય સહિત જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.

અહેવાલો અનુસાર, આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે બરહજના ધારાસભ્ય દીપક મિશ્રાએ બેઝિક શિક્ષા અધિકારી (BSA) શાલિની શ્રીવાસ્તવને એક શિક્ષકનો લાંબા સમયથી પડતર પગાર અને એક કોન્ટ્રાક્ટ કર્મચારીની બદલી રોકવા કહ્યું હતું. બીએસએ દ્વારા આ માંગણીને અવગણતા ગુસ્સે ભરાયેલા ધારાસભ્યએ જર્જરિત રસ્તાઓના મુદ્દા પર પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (PWD) અને અન્ય અધિકારીઓને ચેતવણી આપી અને બેઠકમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ એક જન પ્રતિનિધિએ કહ્યું કે, અધિકારીઓએ જન પ્રતિનિધિઓ શું કહે છે તેના પર થોડું ધ્યાન આપવું પડશે. તે કયા સમયે શું વાત કરી રહ્યા છે તેના પર થોડું ધ્યાન આપશે તો સમસ્યા આપમેળે ઉકેલાઈ જશે. જો કલમ અટકી ન જાય, તો ટ્રાન્સફર થવી જોઈએ. આ અંગે IAS દિવ્યા મિત્તલે જન પ્રતિનિધિઓની આ વાતને ફગાવી દીધી હતી.

આ અંગે IAS દિવ્યા મિત્તલે જન પ્રતિનિધિઓની આ વાતને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, કોઈ પણ જનપ્રતિનિધિ કોઈ પણ અધિકારીને ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં, આ સરકારી આદેશની વિરુદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં ભાજપના પ્રવક્તા અને ધારાસભ્ય શલભ મણિ ત્રિપાઠી, ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયા, સભા કુંવર, રાજ્ય મંત્રી વિજયલક્ષ્મી ગૌતમ, સપા સાંસદ રમાશંકર રાજભર, સ્નઝ દેવેન્દ્ર પ્રતાપ સિંહ અને દેવરિયાના સાંસદ શશાંક મણિ ત્રિપાઠી સહિત જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.

### કોન્ટ્રાક્ટરની બેદરકારી નહીં ચલાવાય : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

# ગુજરાતમાં માર્ગો-પુલો-હાઈવેનું યુદ્ધના ધોરણે રિપેરિંગનો આદેશ

## મુખ્યમંત્રીએ ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા હાઈવે, ગ્રામીણ અને શહેરી માર્ગો તેમજ પુલોની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમીક્ષા કરી

ગાંધીનગર, તા.૭

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા હાઈવે, ગ્રામીણ અને શહેરી માર્ગો તેમજ પુલોની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમીક્ષા કરી હતી. તેમણે યુદ્ધના ધોરણે રિપેરિંગ કામગીરી હાથ ધરીને માર્ગોને પુનઃ પૂર્વવત કરવા અને કામોમાં ગુણવત્તા જળવાય તેની ખાતરી કરવા અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટે વરસાદ બંધ થવાની રાહ જોવી જોઈએ નહીં. તેમણે તાકીદ કરી હતી કે, "વરસાદ વગરનો કે ઓછો વરસાદ હોય તેવો એક પણ દિવસ વ્યર્થ ન જાય અને રજાનો દિવસ હોય તો પણ પ્રજાના હિતમાં રિપેરિંગ કામગીરી ચાલુ જ રહે." આ દિશાનિર્દેશો દર્શાવે છે કે સરકાર માર્ગોની સ્થિતિ સુધારવા માટે કેટલી ગંભીર છે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે, "જે કામોમાં ડિફેક્ટ લાયાબિલિટી પિરિયડ દરમિયાન નુકસાન થયું હોય કે, મરામતની જરૂર પડી હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાક્ટરની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાવા જ જોઈએ." આ સૂચન ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના કામો સામે લાલ આંખ કરવા સમાન છે. તેમણે કામો ગુણવત્તાયુક્ત થાય તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

બેઠકમાં રાજ્યની મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનરો પણ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. મહાનગરોમાં રસ્તા, અંડરબ્રિજ અને વોટર લોગિંગ જેવી સમસ્યાઓ જ્યાં છે, ત્યાં ઝડપથી મરામત કામગીરી હાથ ધરવા સૂચનો કર્યા હતા. એટલું જ નહીં, શહેરોમાં આ સમસ્યાઓના લાંબાગાળાના નિવારણ માટેના ઉપાયો હાથ ધરવાનું આયોજન કરવા પણ સૂચન કર્યું હતું.

NHAI, માર્ગ અને મકાન વિભાગ, પંચાયત, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સંકલન સાધીને ટીમવર્કથી કામગીરી કરવાના સૂચનો કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવા, પુલો-નાળા-કોઝવેને નુકસાન કે ડામર રોડને નુકસાન જેવી બાબતો તાત્કાલિક ધ્યાન પર લેવાવી જોઈએ. આ હેતુસર, ગાંધીનગરમાં નિર્માણ ભવન ખાતે કાર્યરત ૨૪×૭ કંટ્રોલ રૂમને માહિતી મળે કે તરત જ સંબંધિત અધિક્ષક, કાર્યપાલક, નાયબ ઈજનેરને સ્થળ પર જઈને મરામત માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. રાજ્યના માર્ગો, પુલો અને હાઈવેની પ્રવર્તમાન સ્થિતિ અંગે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જે માર્ગોને વરસાદને કારણે અસર થઈ છે ત્યાં મોટા ભાગે સ્ટ્રક્ચર અને બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. ૨૪૩ જેટલા પુલો પર આવી કામગીરી હાથ ધરી તેના ડાયવર્ઝનનું સતત મોનિટરિંગ કરાઈ રહ્યું છે. NHAIના અધિકારીઓએ જણાવ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન નેશનલ હાઈવેને જે ૮૩ કિલોમીટરમાં નુકસાન થયું છે તેમાંથી ૫૮ કિલોમીટરમાં મરામત કામ પૂર્ણ થઈ ગયું છે અને બાકીના ૨૫ કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે.

રાજ્ય સરકાર નાગરિકોના જનજીવનમાં માર્ગોની મરામતોમાં વિલંબને કારણે કોઈ રૂકાવટ ન આવે અને કામો સમયબદ્ધ તેમજ ગુણવત્તાયુક્ત ધોરણે થાય તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

તેમણે સંબંધિત વિભાગોને તત્કાલ મરામત કામો હાથ ધરીને લોક અપેક્ષા સંતોષવા મુખ્યમંત્રીએ સૂચના આપી હતી.

### શિવરાજ સિંહ ચૌહાણ એક મજબૂત દાવેદાર છે

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદની રેસમાં પાંચ કેન્દ્રીય મંત્રીઓ

## એવું માનવામાં આવે છે કે પીએમ મોદીની સરકારમાં સામેલ કોઈ ચહેરાને સંગઠનમાં લાવવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૭

દેશ જ નહીં પણ દુનિયાની સૌથી મોટી પાર્ટી ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે અટકળો તેજ થઈ ગઈ છે. એવું માનવામાં આવે છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દેશમાં પાછા ફર્યા પછી આ જાહેરાત થઈ શકે છે. ત્રણ કેન્દ્રીય મંત્રીઓ શિવરાજ ચૌહાણ, ધર્મેન્દ્ર પ્રધાન અને મનોહર લાલ ખટ્ટરના નામ પણ રેસમાં છે. ઓબીસી નેતા તરીકે ભૂપેન્દ્ર યાદવનું નામ પણ રેસમાં હોવાનું કહેવાય છે. ભાજપના કેટલાક મહિલા નેતાઓના નામ પણ આ રેસમાં સામે આવ્યા છે, જેમાં નિર્મલા સીતારમણ અને પુરંદેશ્વરીનો સમાવેશ થાય છે. આ રીતે પાંચ કેન્દ્રીય મંત્રીઓ રેસમાં હોવાનું કહેવાય છે.

ભાજપ સંગઠનના બંધારણ મુજબ, તેમણે પૂરતી સંખ્યામાં પ્રદેશ પ્રમુખોની પસંદગી કરી છે, જે રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી માટે જરૂરી છે. એવું માનવામાં આવે છે કે સંભવિત દાવેદારોને લઈને સંગઠનમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. ભાજપ પ્રમુખ જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં જ પૂર્ણ થયો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો. નવા પ્રમુખની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ આ પદ પર રહેશે.

બિહાર વિધાનસભા ચૂંટણી ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૫માં યોજાઈ શકે છે. જ્યારે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માર્ચ-એપ્રિલ ૨૦૨૬ માં યોજાઈ શકે છે. બિહારમાં, ભાજપ-જેડીયુ સરકાર બચાવવાના પડકારનો સામનો કરી રહ્યું છે, જ્યારે બંગાળમાં, ભાજપ તૃણમૂલ કોંગ્રેસ સરકારને ઉથલાવી પાડવા માટે લાંબા સમયથી આક્રમક હિન્દુત્વવાદી વલણ અપનાવી રહ્યું છે. ભાજપે ૨૫ થી વધુ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે. ભાજપના મહાસચિવ સુનીલ બંસલ અને વિનોદ તાવડેના નામ પણ લેવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે, ભાજપ એવા ચહેરા પર દાવ લગાવવા માંગે છે જે સંગઠનાત્મક અનુભવ ધરાવે છે અને જાતિ અને પ્રાદેશિક સમીકરણોમાં પણ સંપૂર્ણ રીતે ફિટ બેસે છે. પાર્ટી આગામી બિહાર અને બંગાળ વિધાનસભા ચૂંટણીના મહત્વને અવગણી શકે નહીં.પાર્ટીના બંધારણ મુજબ, ભાજપે થોડા મહિના પહેલા રાજ્ય સ્તરે સંગઠનાત્મક ચૂંટણીઓ યોજી હતી. તે પહેલાં, રાજ્યમાં જિલ્લા અને વિભાગીય સ્તરે પણ ચૂંટણીઓ યોજાઈ હતી. ત્યારબાદ દેશના ૫૦ ટકા રાજ્યોમાં રાજ્ય ભાજપ પ્રમુખોની ચૂંટણીની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે. ૨ જુલાઈના રોજ, પાર્ટીએ ૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભાજપ પ્રમુખની જાહેરાત કરી. આમાં મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્રથી લઈને આંધ્રપ્રદેશ અને તેલંગાણા જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય અધ્યક્ષની સાથે, દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં ભાજપ પ્રમુખના નવા નામ પર પણ બધાની નજર રહેશે. મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે મજબૂત દાવેદારોમાં સામેલ છે. ઓબીસી શ્રેણીના હોવાને કારણે, શિવરાજને ભાજપ તેમજ સંઘમાં પણ ઘણી હદ સુધી સ્વીકારવામાં આવે છે. ચૌહાણની બોલવાની શૈલી અને મૈત્રીપૂર્ણ સ્વભાવ પણ તેમના પક્ષમાં જાય છે. તેઓ લાંબા સમયથી ઈજીજી સાથે જોડાયેલા છે. મુખ્યમંત્રી તરીકે તેમનો લાંબો કાર્યકાળ રહ્યો છે. હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પાસે સત્તા અને સંગઠન બંનેનો અનુભવ પણ છે. લાંબા સમયથી RSS સાથે જોડાયેલા કેન્દ્રીય મંત્રી મનોહર લાલ શાંત અને પડદા પાછળના નેતાઓમાંના એક રહ્યા છે. તેઓ પીએમ મોદીના ખૂબ નજીકના પણ છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સંગઠનના જૂના અનુભવી છે. બિહાર-એમપીથી ગુજરાત સુધીના ચૂંટણી પ્રભારી તરીકે તેમણે પોતાની સંગઠનાત્મક કુશળતા ખૂબ સારી રીતે દર્શાવી છે. તેઓ જાતિ સમીકરણોમાં પણ બંધબેસે છે. દેશમાં ૫૪ ટકા ઓબીસી વસ્તીને ધ્યાનમાં લેતા, ભૂપેન્દ્ર યાદવ ભાજપ માટે એક મોટો ચહેરો બની શકે છે. આ વર્ષે બિહારમાં અને ૨૦૨૭ માં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં લેતા, નિર્ણય તેમના પક્ષમાં આવી શકે છે. ઓડિશાના ધર્મેન્દ્ર પ્રધાન એવા નેતાઓમાંના એક છે જે શાંત અને ગંભીર છબી સાથે સરકાર અને સંગઠનના એજન્ડાને સક્રિય રીતે આગળ ધપાવે છે. પેટ્રોલિયમ મંત્રી તરીકે અને પછી શિક્ષણ મંત્રી તરીકે સરકારમાં તેમનો કાર્યકાળ વિવાદોથી દૂર રહ્યો છે.

સુનીલ બંસલ સંગઠનમાં પડદા પાછળ કામ કરતા નેતાઓમાંના એક છે. રાષ્ટ્રીય મહાસચિવ તરીકે, તેમને સંગઠનના કુશળ રણનીતિકાર માનવામાં આવે છે. તેમણે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓમાં પોતાની સંગઠનાત્મક કુશળતા સાબિત કરી છે. મહારાષ્ટ્રથી આવતા વિનોદ તાવડે ઘણા રાજ્યોના ચૂંટણી પ્રભારી પણ રહી ચૂક્યા છે.

### ટ્રમ્પની ધમકી મુદ્દે ચીનનો જવાબ

# ટેરિફથી કોઈને ફાયદો નહીં, ફક્ત પ્રેશર ઊભું કરવાનો પ્રયાસ છે

બેઈજીંગ, તા.૭

બ્રાઝિલમાં ચાલી રહેલા બ્રિક્સ શિખર સંમેલનમાં સામેલ દેશોએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા અને ટેરિફને લઈને અમેરિકાની ટીકા કરી હતી. ત્યાર પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા વિરોધી નીતિનું સમર્થન કરાનારા બ્રિક્સ દેશો પર ૧૦ ટકા વધુ ટેરિફ લગાવવાની ધમકી આપી હતી. હવે આ મુદ્દે ચીને પણ પ્રતિક્રિયા આપી છે. બ્રિક્સ દેશો પર ૧૦ ટકા વધુ ટેરિફ લગાવાની ટ્રમ્પની ધમકીની ચીને ટીકા કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ટેરિફથી કોઈને પણ લાભ થતો નથી. આ ફક્ત અન્ય દેશો પર દબાણ કરવાનો પ્રયાસ છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે, 'જે કોઈ દેશ BRICSની અમેરિકા વિરોધી નીતિઓ સાથે જોડાશે તેની પાસેથી વધુ ૧૦ ટકા ટેરિફ વસૂલાશે.' ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર આ વાત લખી છે. ટ્રમ્પે લખ્યું હતું કે, જે પણ દેશ BRICSની અમેરિકા વિરોધી નીતિઓમાં જોડાશે તેના પર વધારાની ૧૦ ટકા ટેરિફ વસૂલાશે. આ નીતિમાં કોઈ દેશ અપવાદ નહીં હોય. આ બાબત પર ધ્યાન આપવા બદલ આભાર!અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ સ્થગિત કરવા માટે નક્કી કરાયેલી સમયમર્યાદા ૯ જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે. આનાથી વિશ્વભરના દેશોની ચિંતા વધી ગઈ છે. તાજેતરમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ૯ જુલાઈ પછી વૈશ્વિક ટેરિફમાંથી કોઈ રાહત મળશે નહીં. આ પછી તેઓ મોટાભાગના દેશો પર ટેરિફ પર ૯૦ દિવસનો પ્રતિબંધ લંબાવવાની યોજના બનાવી રહ્યા નથી. તેમણે ૧૦-૧૨ દેશોને નવા ટેરિફ લાદવા અંગે જાણ કરવા માટે પત્રો પર હસ્તાક્ષર કર્યા છે, જે સોમવારે મોકલવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ વખતે બ્રિક્સ સંમેલનનું આયોજન બ્રાઝિલે કર્યું હતું. જેમાં જૂના ૫ દેશો જેવા કે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા નવા અન્ય દેશોમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, યુએઈ અને ઈન્ડોનેશિયાએ ભાગ લીધો હતો. બ્રાઝિલે ૧ જાન્યુઆરી ૨૦૨૫એ બ્રિક્સની અધ્યક્ષતા સંભાળી હતી. જેમાં આ વખતેની થીમ સમાવેશી અને ટકાઉ વૈશ્વિક શાસન માટે ગ્લોબલ સાઉથનો સહયોગ મજબૂત કરવાનો હતો.

# બગસરામાં મોહરમ પર્વની આસ્થાભેર ઉજવણી કરાઈ







બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ શાનદાર ઉજવણી કરવામાં આવીહતી. જેમાં ૩૫ થી વધુ તાજીયા અવનવા રંગ રૂપ સાથે જોવા મળ્યા હતા. દર વર્ષની માફક આ વર્ષે પણ બગસરાના સમગ્ર વિસ્તારમાં ચા નાસ્તો ,દૂધ કોલ્ડિંગ ,બદામ શેક, ભજીયા ગાંઠીયા સહિતનું નાસ્તો લોકોને ભરપૂર કરાવી મુસ્લિમ બિરાદરોએ ધન્યતા અનુભવી હતી તેમજ બગસરા પોલીસ દ્વારા સારો એવો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં એએસપી જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ પીઆઈ સાલુખે પીએસઆઈ ગઢવી અમરેલીથી પધારેલ પીએસઆઈ પોલીસ સ્ટાફ પોલીસ સ્ટાફ હોમગાર્ડ જવાનો સહિતનો કાફલો સતત ખડે પગે રહી બંદોબસ્ત જાળવ્યો હતો અને બગસરામાં હિન્દુ મુસ્લિમ સમાજના લોકો આ મોહરમ પર્વને અનેક લોકો માનતા રાખે છે. જેમાં શ્રીફળ તથા ચાંદીની આંખ તથા આળોટવાની માનતા રાખી અને મોહરમમાં રાખેલ માનતા પૂર્ણ કરે છે તેમજ ગોળ નિમક સહિતની વસ્તુ પોતાના બાળકને તકલીફ દૂર કરવા માટે તેને ભારોભાર જોખીને માનતા પૂર્ણ કરેછે અને તે વસ્તુને વહેચણી કરવામાં આવે છે. સમગ્ર અમરેલી જિલ્લામાં બગસરામાં તાજીયાનો માહોલ કાંઈક અલગ જ હોય છે. આસપાસના ગામના લોકો દૂર દૂરથી આવતા લોકો દર વર્ષે મહોરમ પર્વ નિમિત્તે તાજીયા જોવા આવે છે. મોહરમ પર્વ નિમિત્તે નિરીક્ષણ કર્યું હતું. સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ રજાકભાઈ કાળવાતર ,ગફારભાઈ બિલખીયા , ફિરોજભાઈ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવેલ નૂરાની કમિટી દ્વારા સતત ઠંડા પીણા નું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ નવનિયુક્ત વેપારી મહામંડળના ઉપપ્રમુખ હનીફભાઈ બિલખીયા દ્વારા વિજય ચોકમાં ભજીયા નું આયોજન કર્યું હતું. ચોમાસાનું વાતાવરણ હોવાથી વરસાદના હોવાને કારણે મોહરમ પર્વ બહુજ સારીરીતે મનાવવામાં આવ્યો હતો તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા બગસરા વાસીઓ તમામ કોમ પોલીસ સ્ટાફ ડિપાર્ટમેન્ટ નગરપાલિકા તથા પત્રકારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ''જંકફુડને જાકારો'' વિષય ઉપર

## બાબરાની પંચશીલ શાળામાં વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું થયુ આયોજન

### ધો. ૯ થી ૧૨નાં ૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



બાબરા, તા. ૭

બાબરા ખાતે આવેલ પંચશીલ સ્કુલમાં તા.૩૦/૬/૨૦૨૫ના રોજ સરકારના પરિપત્ર અનુસંધાને જંકફુડને જાકારો વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ થી ૧૨ના ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ બન્ને વિભાગમાં ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને બન્ને વિભાગમાં પ્રથમ ત્રણ નંબર આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજે યુવા પેઢીમાં વધી રહેલા જંકફુડના પ્રમાણના કારણે વિદ્યાર્થીઓમાં વધતી જતી બીમારીઓ અને થઈ રહેલા નુકશાન વિશે સુંદર માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ ૧૦ના બહેનો ધ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યકમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના શિક્ષક દર્શનભાઈ ધ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ અને પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓને સંચાલક પ્રકાશભાઈ એ અભિનંદન આપ્યા હતા. તેમ શાળાના આચાર્ય સંજયભાઈ જોષીની યાદી જણાવે છે.

### ભાષા વિવાદ વચ્ચે પ્રથમ મોટી પ્રતિક્રિયા

## ભારતની તમામ ભાષાઓ રાષ્ટ્રીય ભાષા છે : RSS

નવી દિલ્હી, તા.૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)** ના પ્રાંતીય પ્રચારકોની ૩ દિવસીય વાર્ષિક બેઠક રવિવાર (૬ જુલાઈ) ના રોજ પૂર્ણ થઈ હતી. બેઠકમાં સંઘના શતાબ્દી વર્ષ માટેની સંગઠનાત્મક બાબતો અને યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સંગઠને દેશ સામેના વિવિધ આંતરિક સુરક્ષા પડકારોની સાથે ભાષા વિવાદ પર પણ ચર્ચા કરી હતી.

સંઘ હંમેશા માનતો રહ્યો છે કે ભારતની તમામ ભાષાઓ રાષ્ટ્રીય ભાષાઓ છે અને બધા લોકો પહેલાંથી જ પોતાની ભાષામાં શિક્ષણ મેળવે છે.

**RSS** પ્રવકતા સુનીલ આંબેકરે સોમવારે (૭ જુલાઈ) એક પ્રેસ કોન્ફરન્સ યોજી ભાષા વિવાદ મુદ્દે જણાવ્યું હતું કે, આરએસસે હંમેશાથી ભારતની તમામ ભાષાઓને રાષ્ટ્રીય ભાષા માને છે. તેમજ પ્રાથમિક શિક્ષણ પોતાની પ્રાદેશિક ભાષામાં લેવા સમર્થન આપે છે. આરએસએસ માતૃભાષા બોલવા પ્રાધાન્ય આપે છે. પરંતુ તે એક જ ભાષાને રાષ્ટ્રીય ભાષા તરીકે અપનાવવા સમર્થન આપતુ નથી. તમામ ભાષાઓને માન આપે છે.

આંબેકરે આગળ જણાવ્યું કે, બેઠકમાં મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટે સંઘના પ્રયાસો પર ચર્ચા કરવામાં આવી હતી. સંઘ દ્વારા મૈતેઈ સમુદાયના લોકો વચ્ચે સંઘ દ્વારા થઈ રહેલા કાર્યોની ચર્ચા થઈ હતી. મણિપુરમાં ઘણી બાબતોમાં સુધારો થયો હોવાનો દાવો પણ કરતાં કહ્યું કે, થોડો સમય લાગશે, પણ મણિપુરની સ્થિતિ સુધરશે.

વધુમાં, તેમણે જણાવ્યું કે આ વર્ષે બેઠકમાં સંઘે ટ્રેનિંગ ક્લાસ પણ ચર્ચા કરી હતી. ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે ૭૫ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૭૬૯૦ સ્વયંસેવકોએ તાલીમ લીધી હતી. જેમાં ૮૮૧૨ સ્થળોના લોકોએ ભાગ લીધો હતો. ૪૦ થી ૬૦ વર્ષની વય જૂથ માટે ૨૫ ટ્રેનિંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૨૭૦ લોકોએ તાલીમ લીધી હતી.

## શાકાહાર-સનાતન ધર્મ અભિગમ



અમરેલી, તા. ૭

વિશ્વભરમાં ફેલાયેલા ૧૦૦ કરોડ હિન્દુઓમાંથી બધા જ શાકાહારી ન પણ હોઈ શકે, પણ દેશ, કાળ ,સંજોગો, મિત્રવર્તુળ, નજીકનો સામાજિક સબંધ, આહારની અજ્ઞાનતા, કુટુંબની રૂઢિ કે રૂઢિગત પરંપરા અને સૌથી વિશેષ સ્વાદ લોલુપતા, અઆ બધાં માણસને માંસાહાર ખાવા લલચાવતાં કારણો છે. દુનિયામાં સૌથી પ્રાચીનતન ધર્મ હિન્દુ ધર્મ ગણાય છે. જેમાં ચાર પાયાના સિધ્ધાતો માંસાહાર નિષેધ કરી શાકાહારને પ્રાધાન્ય આપે છે. (૧) કર્મનો સિધ્ધાંત, (૨) અહિંસા અને દયા, (૩) પ્રાણ અને (૪) આહારશુધ્ધિ જે અધ્યાત્મ માર્ગે મોક્ષ પ્રાપ્તિ કરાવે. સરળ ભાષામાં કહીએ તો કર્મનો સિધ્ધાંત એટલે ''આપણે કરેલા દરેક કર્મનું ફળ આપણે ભોગવીએ છીએ'' તે સદકર્મ સારૂ અને દુષ્કર્મ ખરાબ ફળ આપે એ સર્વ સ્વીકાર્ય વાત છે. હિન્દુ માત્ર માને છે કે ' પાપ' અથવા દુષ્કર્મ એટલે જીવતા જીવને દુ:ખવવો કે મારી નાખવો અને 'પાપ'ની સજા (ફળ) આપણને આ કે આવતા જન્મમાં દુ:ખ, દર્દ, રોગ, પીડા તરીકે ભોગવવી જ પડશે. તેથી કર્મનો સિધ્ધાંત સ્વાભાવિકપણે પુનર્જન્મ સાથે જોડાયેલા જ છે. જયારે સનાતન હિન્દુ ધર્મની મુળ લક્ષ્યપ્રાપ્તિ, અંતિમ ધ્યેય તો ફકત એક અને એક જ છે. જન્મ-મરણના ફેરાથી છુટી, મોક્ષ પામવો માણસ જયારે માંસાહારી બને છે. ત્યારે તે સંચિત પાપ કર્મમાં વૃધ્ધિ કરે છે. આખરે તેને જીવનના અંતિમ ધ્યેય-મોક્ષની વિરૂધ્ધ દિશામાં લઈ જાય છે. જે પોતાની ચરબી વધારવા બીજાની ચરબી ખાય છે. તે ઘોર નર્કનો અધિકારી બને છે. આવા પાપકર્મનું ફળ પરિણામ ઉતરોતર વધતું જ જાય છે. કારણ કે માંસભક્ષણ કરનાર જે પ્રાણીનું માંસ ખાય છે. તે પ્રાણીના મૃત્યુનો પણ સહભાગી બને છે. ભલે પોતે જાતે તેની હત્યાન કરી હોય તો પણ જે કોઈ પશુને મારવાનો વિચાર પણ કરે છે. તેનો શિકાર કરે છે કે તેના માંસને વેચે છે, ખરીદે છે, રાંધે છે કે પીરસે છે. તે બધા જ આ પાપના સરખા સહભાગી છે.

આપણાં શાસ્ત્રોમાં મૃત્યુ પછી નર્ક યાતનાઓની જે સ્પષ્ટ વાત વર્ણવેલી છે તે અનુસાર આવા પાપીને મૃત્યુ પછી જે કર્મફળ ભોગવવું પડે છે. તેમાં તેણે જે પ્રાણીઓને ખાધાં હશે તે બધાં જ તેના પુનર્જન્મમાં તેને ખાશે. યાદશ કુરૂતે કર્મ તાદશ ફલમશ્નુન્તે ।-માનવી જેવું કર્મ કરે છે તેવું જ ફળ તેને પ્રાપ્ત થાય છે.

''શાકાહાર. સર્વ શ્રેષ્ઠહાર''

**- મિતલ ખેતાણી**

**મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## સલડી સેવા સહકારી મંડળીની ૧૦મી વાર્ષીક સાધારણ સભા મળી



લીલીયા, તા. ૭

લીલીયા તાલુકાના સલડી ગામે સલડી સેવા સ.મ.લી.ની ૧૦મી વાર્ષીક સાધારણ સભા સલડી મુકામે એમ.એમ. યાજ્ઞીક હાઈસ્કુલના સભાખંડમાં મળેલ જેમાં મંડળીના મંત્રી ધર્મેશભાઈ દેસાઈ દ્વારા વાર્ષીક હીસાબો રજુ કરેલ જેમાં મંડળીએ ૫.૮૦ લાખ જેવો માતબાર નફો કરેલ મંડળીના સભાસદોને ૮% ડીવીડન્ડ જાહેર કરવામાં આવેલ તેમજ સભાસદોને આકર્ષક ગીફટ આપવાની જાહેરાત મંડળી તરફથી કરવામાં આવેલ આ તકે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેલ અને તેમણે આ બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના નેતૃત્વમાં આ બેંકની અને જીલ્લાની સહકારી સંસ્થાઓની કામગીરી અને પ્રગતી વીશે. માહીતી આપેલ અને બેંકના જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) બી.એસ. કોઠીયા પણ ખાસ ઉપસ્થિત રહેલ અને તેમણે પોતાની આગવી શૈલીમાં આ બેંકની કામગીરી અને સહકારી પ્રવુતિ દ્વારા માનવીય વીકાસની વાત અને આધ્યાત્મીકતાથી સ્વ.ના અને સમાજના વીકાસમાં સહકારી પ્રવુતિ વિશે આગવી શૈલીમાં વાત રજુ કરેલ તેમજ બેંકના લોનસેકશનના મેનેજર શૈલેષભાઈ કથીરિયાએ પણ બેંકની વીવીધ લોન વીશે વાત કરેલ આ તકે લીલીયા તાલુકા મામલતદાર પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેલ અને તેમણે ખેડુતોને મામલતદાર ઓફીસના કોઈ પણ કામ અંગે પોતે ખેડુતોની સાથે છે. તેવી વાત રજુ કરેલ આ તકે તાલુકા વિકાસ અધીકારી અને તાલુકા ખેતીવાડી અધિકારી માલવીયાએ પણ સરકારની ખેતીવાડીને લગતી યોજનાઓ વિશે માહીતી આપેલ આ તકે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના લીલીયા તાલુકાના સીનીયર ઓફીસર મનીષભાઈ ધાનાણી, લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર જીતુભાઈ વધાસીયા અને તમામ સ્ટાફ હાજર રહેલ અને બેંકની વીવીધ ધીરાણ, વસુલાત અને સરકારની વીવીધ કલ્યાણકારી સામાજીક સુરક્ષા યોજનાની માહીતી આપેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## બગસરા : પૂ.શ્રી આપાગીગા ગાદી મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા ઉજવાશે



બગસરા, તા. ૭

બગસરામાં સુપ્રસિદ્ધ આપાગીગા ગાદી મંદિર આવેલ છે. અહીં પરંપરાગત રીતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. પૂ મહંત શ્રી મહંત જેરામબાપુના સાંનિધ્યમાં ૧૦ જુલાઈને ગુરૂવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. સવારે ૭ કલાકે મંગળા આરતી, ૭:૩૦ કલાકે હનુમાન ચાલીસા, હોમાત્મક યજ્ઞ, ૮ કલાકે પાદુકા પુજન, ૯:૩૦ કલાકે ગુરૂ પુજન, ૧૦ કલાકે પ્રસાદ અને સાંજે ૪:૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે અને ગુરૂ પુજન કરશે. આ ઉપરાંત ગુરૂપૂર્ણિમાના દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીને સફળ બનાવવા માટે મંદિરના સેવક પરિવાર તેમજ કોઠારી હરીબાપુ આ મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

### દુનિયાનાં વિકસિત દેશોમાં બુલેટ ટ્રેન દોડે છે ત્યારે

## અમરેલી, બોટાદ સહિતનાં જિલ્લાને પુરતા પ્રમાણમાં બ્રોડગ્રેજ રેલ્વેની સુવિધા નથી

### નબળા નેતાગીરીનાં પાપે જનતા જનાર્દન સુવિધાથી વંચિત

અમરેલી, તા. ૭

સૌરાષ્ટ્રના મહત્વના જીલ્લાઓ અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, બોટાદ વિસ્તારોમાં રેલ્વે લાઈનો હજુ રાજાશાહી સમયની એમને એમ મીટર ગેજ પ્રકારની છે. મીટર ગેજ રેલ લાઈનોને બ્રોડગેજમાં રૂપાંતર કરવાના કોઈ પ્રોજેક્ટ, આયોજન છેલ્લા રેલ બજેટોમાં જણાયા નથી અને થયાં હોય તો નક્કર કામગીરી જણાતી નથી. સમગ્ર સૌરાષ્ટ્રની કમનસીબી એ છે કે સ્વાતંત્ર્ય વેળાએ રાજાઓ પાસેથી જે રેલ લાઈનો વારસામાં મળેલી તે માંહેથી લગભગ ૫૦૦ કી.મી. જેટલી લંબાઈની નિરર્થક ગણાવી ઊખેડી નાખવામાં આવી. આ સ્વાતંત્ર્યની ભેટ.

આ વિસ્તારો મીટર ગેજ રેલ લાઈનો પર હોવાને કારણે તેમને ભારતના મહત્વના શહેરો, મથકો મુંબઈ, દિલ્હી, કલકત્તા, બેંગ્લોર, ગોવા વિગેરેની સીધી ટ્રેન સુવિધાઓ મળતી નથી. અરે સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત જેવા મથકો જવા પણ સીધી રેલ સુવિધા મળતી નથી તેથી સામાન સાથે ગાડી બદલવાની હાડમારીઓ વિકલાંગો, વરિષ્ઠો, બિમાર, મહિલા, બાળકોને બહુ જ હાલાકી પડે છે.

સૌરાષ્ટ્રમાં સહુ પહેલાં ૧૯૮૧માં બ્રોડગેજ શરૂ થઈ તેને આજ લગભગ ૪૪ વર્ષો બાદ પણ આ વિસ્તારોમાં ગેજ રૂપાંતર થતાં નથી.

મીટર ગેજ રેલ લાઈનો પર નજર કરીએ. :-

(૧) જુનાગઢ-વિસાવદર ૪૩ કી.મી., (૨) વિસાવદર-તાલાળા ૪૭ કી.મી., (૩) તાલાળા-દેલવાડા ૭૧ કી.મી., (૪) પ્રાચીરોડ - કોડીનાર ૩૧ કી.મી., (૫) વિસાવદર -ખિજડિયા ૯૩ કી.મી., (૬) વેરાવળ-તાલાળા ૨૫ કી.મી., કુલ ૩૧૦ કી.મી.

આમ ત્રણસો કીલોમીટરથી વધારે લંબાઈની રેલ લાઈનો મીટર ગેજ પર વ્યાપક રીતે ફેલાયેલી છે જે ભૌગોલિક તથા વ્યાપારિક રીતે વ્યુહાત્મક તથા મહત્વના કેન્દ્રો છે.

આ રેલ લાઈનો બ્રોડગેજમાં રૂપાંતરિત થાય તો મીટર ગેજ રેલ લાઈનો ના અમુક વિસ્તારોને ટૂંકા, વૈકલ્પિક માર્ગ સમગ્ર ભારત માટે મળી શકે તેમ છે. ઉદાહરણ, વિસાવદર - ખિજડિયા રેલ લાઈન.

વિસાવદરને ખિજડિયા મારફતે બોટાદ દ્વારા સુરેન્દ્રનગર તથા ધોળકા બાવળા માર્ગે અમદાવાદ ટૂંકા માર્ગે પહોંચી શકાય તેથી ભાડા તથા સમયની બચત થાય અને જુનાગઢ -રાજકોટ રૂટ પર ટ્રાફિક હળવો થાય નવા વિસ્તારોને પણ લાભ મળે.આવી જ રીતે ઊના જે તાલુકાનુ મહત્વનું મથક છે, દેલવાડા રેલટર્મિનસ છે તેને નજીકની રાજુલા બ્રોડગેજ નવી રેલ લાઈન આશરે ૫૦ કી.મી. ની બનાવી જોડી દેવામાં આવે તો સમગ્ર ઊના, કોડીનાર વિસ્તારને ઘણો જ ટૂંકો રેલ માર્ગ મળે અને સમગ્ર વિસ્તારોનો ખરા અર્થમાં 'વિકાસ' થાય.જો રાજાશાહી સમયની અનેક રેલ લાઈનો ઊખેડી નાખવામાં આવી હોય તો ૫૦-૧૦૦ કિલોમીટર જેટલી નવી રેલ લાઈન નાખવાનું વ્યાજબી જ છે. દેલવાડા, ઊના વિસ્તારના લોકોને બીનજરૂરી જુનાગઢ, જેતલસર, રાજકોટ રૂટના ચક્કર કાપવા ન પડે, સમયનો, ભાડાંનો ઘણો, ઘણો બચાવ થાય.

મહત્વની એ વાત કે દીવ એ ૧૮ ડિસેમ્બર ૧૯૬૧થી કેન્દ્ર શાસિત પ્રદેશ છે અને તે સીધું ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ આવે છે. દીવને જો દેલવાડા સાથે નવી રેલ લાઈન બનાવી જોડી દેવામાં આવે અને ઊના રાજુલાની નવી રેલ લાઈન બનાવવામાં આવે તો કેન્દ્ર શાસિત દીવ સીધું ભારતની રાજધાની દિલ્હી સાથે રેલ માર્ગે જોડાઈ જાય, જોડવું જરૂરી પણ ખરૂ. જમ્મુ કશ્મીરના શ્રીનગરને તાજેતરમાં રેલ માર્ગે જોડવામાં આવ્યુ છે દીવને પણ જોડવું વ્યાજબી છે. શ્રીનગરને રેલમાર્ગથી જોડવાને પ્રવાસનને પ્રોત્સાહનનો દાવો થઈ શકતો હોય તો દીવને પણ રેલમાર્ગથી જોડવાથી પ્રવાસનને પ્રોત્સાહક સારો, આરામદાયી રાષ્ટ્રીય માનવ વાહનવ્યવહાર મળશે. લોકોનો એ અધિકાર પણ છે.દીવ ૧૯૬૧થી કેન્દ્ર શાસિત હોવા છતાં આજ સુધી રેલ સુવિધાઓથી કેમ વંચિત રખાયો છે તે જ આર્યજનક છે. દીવ વિસ્તારના લોકોનો પણ દિલ્હી, મુંબઈ, કલકત્તા વાસીઓ જેટલો સુવિધાઓનો મૂળ ભૂત અધિકાર છે.

સમાનતાનો અધિકાર આ ત્રણસો દસ કી.મી. જેટલી લંબાઈની રેલ લાઈનોને તાકીદે બ્રોડગેજમાં રૂપાંતર કરવાથી ભારતીય રેલને પણ લાભદાયક છે. મીટર ગેજ ની અલગ જાળવણી, એન્જીનો, ડબાઓ વિગેરે માટે અલગ વ્યવસ્થા અટકી જાય અને જાળવણી, સંચાલન, પરિચાલનમાં સૌરાષ્ટ્રમાં એકરૂપતા રહે.

મીટર ગેજમાં વિજળીકરણ શકય બન્યું નથી તે બ્રોડગેજમાં રૂપાંતર થતાં તમામ રેલ લાઈનોનું વિજળીકરણ થઈ જાય અને ડીઝલ એન્જીનોની જાળવણી, દેખરેખ તથા ડીઝલ સંગ્રહ વિગેરેની વ્યવસ્થા કરવી ન પડે.

મીટર ગેજ વિસ્તારો પર આવેલા વ્યાપારીઓ, લોકોમાં રેલ્વે દ્વારા ઉપેક્ષિત થયાની ભાવના હોય તો પણ દૂર થાય છે જરૂરી પણ છે.

સૌરાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય બાદ એક પણ નવી રેલ લાઈન થ ઈ નથી. અપવાદ વેરાવળથી સોમનાથ કેવળ ૫ કી.મી. આ લાઈન ઈ.સ. ૨૦૦૦ના અરસામાં થઈ તે ફરીથી બંધાઈ છે. સ્વાતંત્ર્ય બાદ ટૂંકા સમયમાં શ્રી સોમનાથ મહાદેવના મંદિરના પુનરોદ્ધારના પ્રાથમિક વિધિ વેળાએ તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ આવ્યા હતા તે વેળાએ વેરાવળ થી સોમનાથ સુધીની રેલ લાઈન બનાવવામાં આવી હતી.

ઉપરોકત સંયોગોમાં મીટર ગેજ રેલ લાઈનોને બ્રોડગેજમાં તાકીદે રૂપાંતર કરવામાં આવે તે વેપાર, ધંધા, ખેતી ઊપજો, બંદરીય વેપાર તથા રોજગારી સમાજના સમગ્ર હિતમાં છે તેમ લોકો કહે છે.

## રાજુલા કુંભનાથ મહાદેવ મંદિરે હવન કમિટી દ્વારા હવનનું આયોજન



રાજુલા, તા. ૭

રાજુલા શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ રાજુલા કુંભનાથ મહાદેવ મંદિરે હવનનું આયોજન કરવામાં આવેલ છે રાજુલા શહેરની પૌરાણિક પરંપરા મુજબ વરૂણદેવને રીઝવવા માટે હવન કરવામાં આવે છે ત્યારે આજરોજ રાજુલા શહેરમાં બકુલભાઈ વોરાની દુકાને રાજુલા હવન કમિટી દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવેલું જેમાં આ હવન કમિટીમાં વેપારીઓ તેમજ ભૂદેવો તેમજ પત્રકાર મિત્રો સહિત અનેક લોકો હાજર રહેલ ત્યારે આજની મિટિંગમાં નાથાદાદા ગોર કેતનભાઈ ભટ્ટ, બીપીનભાઈ વસુંધરાવાળા તેમજ ભુપતભાઈ સોની, રોહિતભાઈ વાઘેલા, બકુલભાઈ વોરા, વિનુભાઈ આઈસ્કીમવાળા અને કશ્યપ પારેખ જયદીપભાઈ સોમૈયા સહિતના અનેક લોકો આ મિટિંગમાં હાજર રહેલા તમામ ભૂદેવના જણાવવા મુજબ હવન કમિટી દ્વારા આ હવન નક્કી કરવામાં આવે છે ત્યારે તમામ લોકોએ આ મિટિંગમાં તા. ૧૫/૭/૨૦૨૫ને મંગળવારના રોજ હવનનું નક્કી કરવામાં આવેલ છે ત્યારે રાજુલા હવન કમિટી દ્વારા રાજુલા શહેર તેમજ રાજુલા તાલુકાના તમામ ધર્મ પ્રેમી જનતાને આ દર્શનનો લાભ લેવાનું નિમંત્રણ પાઠવવામાં આવે છે ત્યારે આ હવન કમિટી દ્વારા રાજુલા શહેરના વેપારીઓને બપોરના ૨:૦૦ વાગ્યા પછી પોતાના ધંધા રોજગાર સ્વચ્છ રીતે બંધ રાખી અને દર્શનનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# અમરેલીનાં લોકપ્રિય ડો. કાનાબારનાં જન્મદિનની ઉત્સાહભેર ઉજવણી



અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ અને લોહાણા મહાજનનાં પ્રમુખ ડો. કાનાબાર ગઈકાલે ૭૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે મિત્રો, શુભેચ્છકો ધ્વારા "કરાઓ કે" સંગીતમય કાર્યક્રમ અને કેક કટીંગ સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પૂર્વ સાંસદ નારણ કાછડીયા, અમરેલી એકસપ્રેસનાં તંત્રી મનોજ રૂપારેલ, લોહાણા મહાજનનાં અગ્રણી જીતુભાઈ ગોળવાળા, ભાવેશભાઈ સોઢા, ડો. ચંદ્રેશ ખૂંટ, ડો. નીતિન ત્રિવેદી, ડો. અશોક પરમાર, તેજસ દેસાઈ, એડવોકેટ સંદિપ રાવળ, જગદીશભાઈ સેલાણી, પ્રકાશ કારીયા, હસુભાઈ પોપટ, યોગેશ કોટેચા, વિપુલ ભટ્ટી સહિત સૌ કોઈએ શુભેચ્છા પાઠવી હતી. તદુઉપરાંત વોઈસ ઓફ લતા હંસાબેન ગજજર, વોઈસ ઓફ રફી સિકંદરખાન પઠાણ અને વોઈ ઓફ મુકેશ સુનિલભાઈ પંજવાણીએ સુમધુર ગીતો રજુ કરીને સૌને સંગીતની દુનિયાની સફર કરાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## 3 સિંહોને બચાવી લેવાયા

મથક–સુરેન્દ્રનગર ગેટ) અને સહાયક લોકો પાઈલટ મહેન્દ્ર નવલ (મુખ્ય મથક–સુરેન્દ્રનગર ગેટ) એ અમરેલી જિલ્લાના ગાધકડા–સાવરકુંડલા વચ્ચે કિમી નં. ૬૫/૦૮ પર રેલવે ટ્રેક પર ત્રણ સિંહોને ઉભા હોય ત્યારે તાત્કાલિક પીપાવાવ પોર્ટથી સુરેન્દ્રનગર તરફ જતી માલગાડીને ઈમરજન્સી બ્રેક લગાવીને રોકી હતી. અને લોકો પાઈલટે ટ્રેન મેનેજર (ગાર્ડ) ને જાણ કરી હતી. ફોરેસ્ટ ટ્રેકર હિમાંશુ જોશીએ સિંહોને રેલવે ટ્રેક પરથી દૂર કર્યા હતા અને બધી સ્થિતિ સામાન્ય થતાં લોકો પાઈલટને રવાના થવા કહ્યું હતું. ત્યારબાદ, લોકો પાઈલટે કાળજીપૂર્વક ટ્રેનને ગંતવ્યસ્થાન તરફ લઈ ગયા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૨૦ | ૧૦૬૨ |
| ૨ | શિંગ મોટી | ૯૬૫ | ૧૧૬૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૦૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૪૬૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૪૦૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૮૩૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૪૨૫ |
| ૮ | બાજરો | ૧૯૦ | ૨૮૫ |
| ૯ | જુવાર | ૬૧૧ | ૬૧૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૨૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૪૨ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૧૩ | અડદ | ૧૦૧૦ | ૧૧૦૦ |
| ૧૪ | ચણા | ૮૨૫ | ૧૧૨૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૦૯૮ |
| ૧૬ | છોલે ચણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૧૭ | ચોળી | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૧૮ | તુવેર | ૧૦૦૦ | ૧૨૭૬ |
| ૧૯ | કપાસ | ૯૦૦ | ૧૬૩૨ |
| ૨૦ | એરંડા | ૧૧૪૬ | ૧૨૯૭ |
| ૨૧ | જીરૂ | ૧૭૦૦ | ૩૫૦૧ |
| ૨૨ | ધાણા | ૧૧૦૫ | ૧૩૩૫ |
| ૨૩ | મેથી | ૭૭૬ | ૮૮૫ |
| ૨૪ | સોયાબીન | ૭૭૯ | ૮૦૨ |
| ૨૫ | વરીયાળી | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૨૬ | કાંગ | ૨૦૫ | ૪૦૧ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાંથી વિદેશી દારૂનું

પરેશર્ભાઈ લુણશીભાઈ રાઠોડની ટીમ બનાવી મળેલ ખાનગી હકીકત આધારે ઈંગોરાળા ગામેથી પીર ખીજડીયા જવાના રસ્તે ઈંગોરાળા ગામના સ્મશાન પાસે આવતા એક ટાટા કંપનીનુ લાલ રંગનુ કંટેઈનર પડેલ હોય જે ખોલી ચેક કરતા કરતા અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો પુઠ્ઠાના બોકસમા ભરેલ હતી જે અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ગણી જોતા બોટલ નંગ ૧૮૦૦ કીં રૂ.૨, ૭૯,૯૯૦ /– તથા ટાટા કંપનીના લાલ રંગનુ કંટેઈનર કીં રૂ. ૨૫,૦૦,૦૦૦/– તથા એક હીરો કંપનીનુ કાળા કલરનુ બ્લુપટ્ટાવાળુ એચ એફ ડીલક્ષ મોટર સાઈક્લ જેના રજી નં. જીજે ૧૪ એજે ૧૫૫૮ જેની કિં રૂ. ૩૦,૦૦૦ મળી કુલ રૂ. ૨૮,૦૯,૯૯૦ના મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે તેમજ ફોર વ્હીલ કંટેઈનર તથા મો.સા. ચાલક વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), તથા ૮૧, ૯૮(૨) મુજબ હેઠળ કાર્યવાહી કરેલ.

ઉપરોકત કામગીરી બાબરા પોલીસ ઈન્પેકટર કે.બી. જાડેજાની રાહબી હેઠળ બાબરા પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે દુર–દુરથી દારૂ ભરેલ ટ્રક બાબરા પંથક સુધી પહોંચી જતા માર્ગમાં કયાંય ચેકીંગ થતુ નહી હોય તેવો વેધક પ્રશ્ન જનતા જનાર્દનમાંથી ઉભો થવા પામેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૦૬૫ |
| ૨ | શીંગ ઉનાળુ | ૧૦૬૦ | ૧૨૦૦ |
| ૩ | શીંગ દાણા | ૧૨૬૦ | ૧૩૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૮૦ |
| ૬ | જીરૂ | – | ૩૮૦૦ |
| ૭ | કપાસ | ૧૫૭૦ | ૧૬૩૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૩૩૦ |
| ૧૧ | મગ | ૧૧૫૦ | ૧૩૦૫ |
| ૧૨ | અડદ | – | ૮૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૬૦ | ૧૧૨૨ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૫ | કળથી | ૫૦૦ | ૯૦૦ |
| ૧૬ | ધાણા | ૭૫૦ | ૧૦૫૦ |
| ૧૭ | સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરાની બેન્ક ઓફ બરોડામાં

છે. જયારે આવા જવાબ આપતા હોવાથી આસ પાશનાં ગામડામાંથી આવતા ખેડૂતો જે પોતાનું ખેતીનું કામ મૂકીને આવતા હોય તેમજ વેપારીઓ પણ જે પોતાનો વેપાર ધંધો બંધ કરીને આવતા તેમામ ખાતા ધારકો હેરાન પરેશાન થતા જોવા મળી રહેલ છે. હાલમાં તમામ વેપારીઓ, ખેડૂતો કે ધંધાર્થીઓ રિટર્ન ભરવા માટે પાસબુકની એન્ટ્રીની જરૂરિયાત હોય છતાં પણ એન્ટ્રી પાડવામાં આવતી નથી. જેના કારણે લોકો હેરાન પરેશાન થતાં જોવા મળી રહ્યા છે. આથી લાગતા વળગતા અધિકારીઓ દ્વારા આ બાબતે યોગ્ય થાય તેવા પગલાં લેવા જોઈએ. તેવી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના ખાતા ધરકોમાં માંગણી ઊઠવા પામી છે.


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) [illegible]
જયદીપ પટેલ : મો. [illegible]
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. [illegible]


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૪ | ૪૯૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૯૪ |
| ૪ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| ૫ | શીંગફાડા | ૧૧૪૦ | ૧૨૭૦ |
| ૬ | મગફળી | ૯૪૦ | ૯૪૦ |
| ૭ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૪૫ |
| ૮ | સોયાબીન | ૬૨૦ | ૭૮૫ |
| ૯ | મગ | ૧૧૬૫ | ૧૩૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ૧૧ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૫ | તુવેર | ૮૦૦ | ૯૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## લીલીયા મોટા ખાતે હવેથી

ડાયમંડ એસોસીએશનની મીટીંગ યોજવામાં આવેલ તેમા લીલીયામાં હીરાના કારખાના ચલાવતા કારખાનેદાર મિત્રોને કહેવામાં આવેલ કે તમે બે મહીના સુધી ગુરૂવારને બદલે રવિવારે રજા રાખો તો રવિવારે કેબલ કામ કરવાનું છે તો લીલીયા ડાયમંડ એસો. દ્વારા બે મહીનાથી પણ વધારે રવિવારે રજા રાખેલ છે. હવે ગુરૂવારે પાવર કાપ કરી આપવા ડાયમંડ એસોસિએશના પ્રમુખ દ્વારા વિનંતી કરવામાં આવેલ લીલીયામાં રત્ન કલાકાર મોટા પ્રમાણમાં છે રવિવારે રજામાં બેંકના કામ, સરકારી ઓફીસોના કામ, દવાખાનાના કામો આવા અન્ય કામો ન થવાના કારણે રત્ન કલાકારોને ભારે મુશ્કેલી પડતી હોવાથી દર ગુરૂવારે પાવર બંધ રાખવા બાબતે એ.સી. પરીખ તેમજ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવેલ જેને લઈને લીલીયા પી.જી.વી.સી.એલ કાર્યપાલક ઈજનેર સી.કે. દેવમુરારીને યોગ્ય કરવા કહેવામાં આવેલ હોય ત્યારે સી.કે. દેવમુરારી દ્વારા હવે પછીના દિવસોમાં રવિવારની જગ્યાએ ગુરૂવારના દિવસે પાવર કાપ રહેશે તેવી બાહેધરી આપવામાં આવતા ની સાથે જ લીલીયા ડાયમંડ એસોસિએશન દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૬૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૭૦ | ૧૫૬૦ |
| ૩ | મગફળી | ૧૦૨૫ | ૧૦૫૫ |
| ૪ | જીરૂ | ૨૮૪૦ | ૩૭૭૦ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૯૫ | ૧૭૫૫ |
| ૭ | ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |
| ૮ | મગ | ૧૨૮૦ | ૧૩૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૦ | ૯૭૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૭ |
| ૩ | તુવેર | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ૫ | તલ કાળા | ૨૫૫૦ | ૩૦૩૦ |
| ૬ | ધાણા | ૯૯૦ | ૧૩૦૦ |
| ૭ | મગ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૮ | ફાડા | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૯ | સોયાબીન | ૫૦૦ | ૭૬૮ |

# અમરેલી ખાતે ગમના ત્યૌહાર મોહરમ નિમિત્તે તાજીયા નીકળ્યા



અમરેલીમાં ગમના તહેવાર મોહરમ પર્વ નિમિત્તે શહેરમાં તાજીયા કાઢવામાં આવેલા હતા જેમાં ગઈકાલે તાજીયા પડમાં આવ્યા બાદ આજે રાત્રે દરમિયાન તાજીયા માતમમાં રહેશે બાદમાં રાત્રિના તાજીયા ઠંડા કરવામાં આવશે મોહરમ પર્વ મુસ્લિમો દ્વારા ઈમામે હુસેનની શહાદતથી તેમની યાદમાં ગમ અને સાદગીથી મનાવવામાં આવે છે. ૧૪૦૦ વર્ષ પહેલા ઈરાકના કરબલા શહેરમાં યજીદ નામના જાલીમ વ્યકિતની હુકુમત સામે અન્યાય અને હક સામે લડનાર હઝરતે ઈમામે હુસૈન તેમજ તેમના પરિવાર અને અન્ય મળી ૭૨ લોકો આ કરબલાની લડાઈમાં શહીદ થયા હતા અને આ શહીદોની યાદમાં મુસ્લિમો દ્વારા સમગ્ર દેશ અને અન્ય મુસ્લિમ દેશોમાં મહોરમ પર્વ મનાવવામાં આવે છે મુસ્લિમો આ તહેવારમાં ગમ અને આંસુઓની સાથે આ તહેવાર મનાવે છે તેવી જ રીતે અમરેલીમાં પણ મુસ્લિમ દ્વારા બે દિવસ મહોરમ પર્વ મનાવમાં આવેલ હતો ગઈકાલે શનિવારે રાત્રિના તાજીયા પડમાં આવ્યા હતા અને રવિવાર આખો દિવસ માતમમાં રહેલ અને રાત્રી દરમિયાન તાજીયા દરેકના રૂટ મુજબ સૌ સૌના ઠેકાણે માતમમાં પહોંચેલ હતા મુસ્લિમો દ્વારા આ મહિનો ગમતી મનાવવામાં આવે છે અને પહેલી મહોરમથી ૧૦મી મોહરમ સુધીની ન્યાજ શરબત સહિતની વસ્તુઓની વહેંચણી કરવામાં આવે છે તેમજ નવ અને દસ તારીખે ઈમામે હુસેનની અને ૭૨ શહીદોની યાદમાં બે રોજા પણ રાખવામાં આવે છે અને નમાજ પઢવામાં આવે છે જેને આસુરાની ઈબાદત કહેવામાં આવે છે બે દિવસ તાજીયા રહ્યા બાદ આજે રાત્રિના તાજીયા ઠંડા કરવામાં આવશે અમરેલી શહેરમાં નાના મોટા લગભગ ૧૦૦ થી સવાસો તાજીયા બનાવવામાં આવ્યા હતા.

## આગામી દિવસોમાં 'આપ'ના સુપ્રીમો કેજરીવાલ ધડાકો કરે તો નવાઈ નહી

# 'આપ'નાં મુખ્યમંત્રીપદના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા ?

વિસાવદરની રસાકસીભરી ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસને ભરી પી જનાર યુવા નેતાને મોટી જવાબદારી મળે તો નવાઈ નહી

રાજ્યમાં ફેલાયેલ અરાજકતા સામે આક્રમકતાથી અને હૃદયસ્પર્શી અવાજ ઉઠાવનાર યુવા નેતાને મોટી જવાબદારી ?

રાજ્યભરની જનતામાં રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, અનિયમિત પાણી અને વીજળી, ગુંડાગીરી સહિતના પ્રશ્ને વ્યાપક નારાજગી

રાજ્યની ૯૦ ટકા જનતાને જે પ્રશ્નો હેરાન કરે છે તેને ઈટાલીયા યોગ્ય રીતે વાચા આપી રહ્યાં છે




અમરેલી, તા.૭

વિસાવદર—ભેંસાણ વિધાનસભાની રસાકસ્તભરી ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીયપક્ષોનેપરાજીતકરનારઆમ આદમી પાર્ટીનાં યુવા ઉમેદવાર ગોપાલ ઈટાલીયા ધારાસભ્ય બની જતાંસમગ્રરાજ્યમાંયુવાનેતાનુંનામ જાણીતું થઈ ગયું છે. અને સૌ કોઈ તેનાં વકતવ્યને ગંભીર સમજીને પસંદ કરી રહયા છે.

દરમિયાનમાં 'આમ આદમી પાર્ટી' નો સર્વે સર્વા અરીવંદ કેજરીવાલની પણ કૃપાદ્રષ્ટિ ગોપાલ ઈટાલીયાઉપરજોવામળીરહીછે.અને બબ્બેવખતેવિસાવદરનોપ્રચાર કાર્યમાં કેજરીવાલ જોડાયા અને ગોપાલ ઈટાલીયા રાજ્યમાં જેનું રાજકીય, સામાજિક અને આર્થિકક્ષેત્ર જબ્બરૂ વર્ચસ્વ છે. તેવા પાટીદાર સમાજનાં હોવાથી તેઓને આગામી મહિનાઓનમાં 'આપ' ના મુખ્યમંત્રીપદનાઉમેદવારજાહેરકરેતો નવાઈ પામવા જેવું નહી રહે.

૧૦ વર્ષ પહેલા પાટીદાર આંદોલનથીચર્ચામાંઆવેલતત્કાલિન પોલીસ કર્મી, રેવન્યું કર્મચારી અને બાદમાં એડવોકેટની પ્રેક્ટીસ કરતા ગોપાલ ઈટાલીયામાં રાજયની આમજનતાને આકર્ષવાની અદ્ભુત શકિત છે.તેઓ ફાંકા ફોજદારી કરવાને બદલેરાજયની૯૦ટકાઆમજનતાને સ્પર્શતા મોંધવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, બિસ્માર માર્ગો, અપુરતું ખાતરણ, બિયારણ, ખેતીપાકોનો પોષણક્ષમભાવ નમળવો, વ્યાજખોરી, ગુંડાગીરી, ગંદકી, અપૂરતુ પાણી, અનિયમિત વીજળી રાની પશુઓની સમસ્યા સહિતનાં મુદ્દે હૃદયસ્પશી વકતવ્યઆપીરહ્યાંછે.તેઓધારાસભ્ય બન્યા બાદ સમગ્ર રાજયમાં વિજય સંદેશ યાત્રા યોજી રહયા છે. અને રાજયભરની જનતાને જો રીતે સંબોધી રહયા છે. તે જોતા સ્પષ્ટ લાગી રહયું છે કે તેઓ રાજકીય ભાવિ ઉજજવળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે.

તેઓધારાસભ્યબન્યાબાદ પણઆમનાગરિકનીજેમવર્તીરહ્યાછે. તેઓ છેવાડાનાં માનવીને પણ સરળ તાથી મળી રહયા છે. તેઓ, યુવાઓ, ખેડૂતો, મહિલાઓ, શ્રમિકો, ગરીબો, વેપારીઓસહિતનાંરોજબરોજપ્રશ્નોને વાચાઆપીનેતેમનુંનિરાકરણકેવીરીતે થાયતેનોસ્પષ્ટસંદેશઆપતાજોવામળ ી રહયા છે.

આગામી ૬ મહિનાબાદ રાજયની મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓની સામાન્ય ચુંટણી યોજાઈ રહી હોય તે પહેલા જ 'આપ' ના યુવા ધારાસભ્યને મુખ્યંત્રીનાં ઉમેદવાર જાહેર કરીને રાજય સરકાર બનાવવાની તૈયારી 'આપ' દ્વારા થાય તો નવાઈ જેવું નહી રહે.

### આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ અંતર્ગત

## અમરેલી : 'સહકારી સમૃધ્ધિ' વિષય પર નિબંધ લેખન, ચિત્ર અને કિવઝ સ્પર્ધા યોજાઈ

શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો : વિજેતાઓને ઈનામ વિતરણ

અમરેલી, તા. ૭

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ—૨૦૨૫ની ઉજવણી અંતર્ગત અમરેલીજિલ્લામધ્યસ્થસહકારીબેંકતથા અમરેલી જિલ્લા સહકારી સંઘના સહયોગથી જિલ્લાની વિવિધ શાળ ા—કોલેજમાં તા.૩/૭/૨૫ના રોજ ' સહકારથી સમૃધ્ધિ' વિષય ઉપર નિબંધ લેખન, ચિત્ર અને કવીઝ સ્પર્ધા યોજાઈ હતી.વિવિધ સ્પર્ધામાં બાબરા તાલુકાની જામ બરવાળા પ્રાથમિક શાળા, અમરેલી ખાતેની ભરાડ વિદ્યાલય, કે.કે. પારેખ કોમર્સ કોલેજ, પ્રતાપરાય આર્ટસ કોલેજ વિગેરે શાળા—કોલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



અમરેલી પ્રતાપરાય આર્ટસ કોલેજના કાર્યક્રમમાં જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના દેવાંગભાઈ રંગાણી અને જિલ્લા સહકારી સંઘના ભાર્ગવભાઈ ત્રિવેદીએખાસ હાજર રહી કોલેજના વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લાનીસહકારીપ્રવૃત્તિઓઅંગેવિગતોઆપી હતી. આસાથેપ્રથમત્રણવિજેતાઓનેઈનામ વિતરણકરવામાંઆવ્યુંહતું. કે.કે.પારેખકોમર્સ કોલેજનાંવિદ્યાર્થીઓનેસહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર સંદીપભાઈ અણીયાળીયા ધ્વારાસહકારીમાળખાનીવિસ્તૃત જાણકારી આપી હતી. તેમ સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રારએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વયવંદના કાર્ડ એનાયત કરાયા

## બાબરામાં પાલિકા અને શહેર ભાજપના સંયુકત ઉપક્રમે આયુષ્યમાન વયવંદના કાર્યક્રમ યોજાયો

પાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા



બાબરા, તા. ૭

બાબરામાં નગરપાલિકા અને શહેર ભાજપના સયુંકત ઉપક્રમે રવિવારના રોજ પાલિકાના સીટી સિવિક સેન્ટર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયાના અધ્યક્ષ સ્થાને આયુષ્યમાન વડીલ વય વંદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૭૦ વરસથી વધુ વય ધરાવતા વડીલોનેવયવંદનાં કાઢવાનો કેમ્પ યોજાયો હતો. આ કાર્ડ હેઠળ ૭૦ વયથી વધુ ઉમર ધરાવતા વૃધ્ધ લોકો હોસ્પિટલમાં તમામ પ્રકારની બીમારીની નિઃશુલ્ક સારવાર મેળવી શકે.અહીં નગરપાલિકાના સિટી સીવીક સેન્ટર ખાતે સવારથી સાંજ સુધી આયોજિત કેમ્પમાં શહેરના ૧૫૦થી વધુ લોકોએ લાભ મેળવ્યો હતો. વડીલોને ધારાસભ્યના હસ્તે કાર્ડ સ્થળ આપી એનાયત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, ભૂપતભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, પૂર્વપ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, મહેશભાઈ ચૌહાણ, દેવસીભાઈ મારૂ, સહિત નગરપાલિકાના સભ્યો સ્થાનિક ભાજપનાઅગ્રણીઓઉપસ્થિતરહ્યાહતા.

## બગસરામાં શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે


બગસરા, તા. ૭

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૧/૭/૨૫ને શુક્રવારના રોજ સ્વ. રમણિકલાલ આણંદજીભાઈ ત્રિવેદી, સ્વ. મુકતાબેન રમણિકલાલ ત્રિવેદી, સ્વ. પ્રફુલાબેન રાજુભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે રાજેશભાઈ રમણિકભાઈ ત્રિવેદીના સૌજન્યથી ૬૨૨મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરશેનની જરૂરિયાતવાળા દર્દીઓને વિનામૂલ્ગે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામાં આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૧/૭/૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આંખની હોસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## સાવરકુંડલાના વેગડા પરિવાર દ્વારા માવતર મંદિર બનાવવામાં આવ્યું



અમરેલી, તા. ૭

સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં રહેતા વેગડા પરિવાર દ્વારા એક અનોખું અને ભાવનાત્મક કાર્ય કરવામાં આવ્યું છે. એડવોકેટ રસિકબાપુ વેગડા અને તેમના ભાઈઓએ પોતાના માતા દેવુ મા અને પિતા વશરામ બાપુના સ્મરણમાં તેમના નિવાસસ્થાને માવતર મંદિર બનાવી તેમના પ્રતિ સન્માન વ્યકત કર્યું છે. આ મંદિર માત્ર એક સ્મૃતિચિહ્ન નથી, પરંતુ સમાજ માટે આદર અને સંસ્કારનો જીવંત સંદેશ બની ગયું છે.

વશરામબાપુનો સૌથી નાનો દીકરો કહે છે, 'જયારે અમારા માતા—પિતા જગત છોડી ગયા, ત્યારે અમારા દિલમાં વાત હતી કે, આપણાં મા—બાપ આપણાં માટે ઈર સમાન છે. તેમની હાજરી હંમેશા અનુભવાય તે માટે અને આજની પેઢીને પણ આદરભાવનો સંદેશ મળે, તે માટે અમે ભાઈઓએ એકમતથી નિર્ણય લીધો કે તેમના માટે મંદિર બનાવીએ.'

વિશિષ્ટ બાબત એ રહી કે વેગડા પરિવારના તમામ ભાઈઓએ એક જુથ થઈ માતા—પિતાની મૂર્તિઓ બનાવવા માટે રાજસ્થાનમાં ઓર્ડર આપ્યો. ત્યારબાદ આ મૂર્તિઓ તૈયાર થતાં સાદગીપૂર્વક પણ શાસ્ત્રોકત વિધિથી માવતર મંદિરની સ્થાપના કરવામાં આવી. મૂર્તિઓના આગમન સમયે પરિવારજનોએ સમગ્ર શહેર અને સમાજના લોકો સાથે ભવ્ય યાત્રા યોજી હતી. પહેલી તકે પદયાત્રા અને ત્યારબાદ વાહનયાત્રા યોજવામાં આવી જેમાં જુદી—જુદી જ્ઞાતિઓના લોકો જોડાયા. આ યાત્રામાં માત્ર પરિવાર નહીં, પણ સમગ્ર સાવરકુંડલા શહેરના લોકો જોડાયા અને માતા—પિતાના પ્રત્યે શ્રદ્ધાંજલિ આપીને ભકિતભાવ વ્યકત કર્યો.

આ પ્રસંગે પૂજન, અને સંગીતીય ભજન કાર્યક્રમો યોજાયા હતા. મંદિરમાં માતા—પિતાની મૂર્તિ સ્થાપિત કરીને જે રીતે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી, તે કોઈ પણ ધાર્મિક દેવમંદિરની પૂજા વિધિ કરતાં ઓછી ન હતી.

આ સમગ્ર ઘટનાક્રમ દ્વારા વેગડા પરિવાર દ્વારા સમાજને આપેલો સંદેશ સ્પષ્ટ છે — માતા—પિતા ઈર સમાન છે. જેમ ભગવાન માટે મંદિર બને છે તેમજ જીવિત ઈર સમાન માતા—પિતાના માટે પણ ભકિતપૂર્વક સ્થાન બનવું જોઈએ. આ અનોખું માવતર મંદિર આજે ન વેગડા પરિવાર માટે, પણ સમગ્ર શહેર માટે મા—બાપના સન્માન અને સંતાનના સંસ્કારનો આદર્શ બની ગયું છે.

### એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા કોર્ટમાં, લીલીયા મોટા

જન્મ/મરણ રજી નં. ૬૯/૨૦૨૫

**અરજદાર** : શ્રી ધીરૂભાઈ રામભાઈ સોજીત્રા
રહે. મોટા કણકોટ, તા. લીલીયા જિ.અમરેલી.

**એડવોકેટ** : કિશોરકુમાર એમ. પાઠક મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦

:: વિરૂધ્ધ ::

**સામાવાળા** : જન્મ — મરણ રજીસ્ટ્રારશ્રી ગ્રામ પંચાયત — વ —ત.ક.મ.શ્રી, મોટા કણકોટ,

**જન્મ—મરણ નોંધણી અધિનીયમ—૧૯૬૯ની કલમ—૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

-: જાહેર નોટીસ :-

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી **ધીરૂભાઈ રામભાઈ સોજીત્રાના** બહેન **ગીતાબેન રામભાઈ સોજીત્રાનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૮)**ના રોજ મોટા કણકોટ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળ ાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધા કે તકરાર હોય તો અત્રેની કોર્ટમા નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી દિન—૩૦માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ. **૦૧—૦૭—૨૦૨૫** ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સિક્કો

**તાલુકા એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## સાવરકુંડલા ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા સ્થિત નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આટ્ર્સ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે 'વિશ્વ સહકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં સહકાર ક્ષેત્રના જિલ્લા તથા તાલુકા કક્ષાના શ્રેષ્ઠીઓની વિશેષ ઉપસ્થિતિ રહી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા રહ્યાં હતા.

ઉપરાંત સાવરકુંડલા માર્કેટિંગયાર્ડનાચેરમેનઅનેઅમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ઉપપ્રમુખ દિપકભાઈ માલાણી, ડિરેક્ટર શરદભાઈ પંડ્યા, મેનેજર સુરેશભાઈ સંઘાણી, સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નાગરિક બેંકના ચેરમેન તથા હોમગાર્ડ કમાન્ડર પ્રવિણભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા યુવા સમિતિના ડિરેક્ટર અમરસિંહ રાઠોડ, શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, શહેર ભાજપ મહામંત્રી મોહિતભાઈ સુદાણી, શહેર ભાજપ ઉપપ્રમુખ મયુરભાઈ રબારી, યુવા ભાજપ અગ્રણી શિવાંગભાઈ ત્રિવેદી તેમજ કુલદીપભાઈ કોટીલા અને કાણકિયા કોલેજના વાઈસ પ્રિન્સિપાલ પ્રોફે. રીંકુબેન ચૌધરી વગેરેની પ્રેરક ઉપસ્થિતિ રહી. કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો. દિલીપભાઈ ભટ્ટ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપી. ઉપસ્થિત તમામ અગ્રણીઓએ વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્ર વિશે માહિતગાર કર્યા અને તેની મહત્તા સમજાવી અને તેઓ આગામી સમયમાં કારકિર્દીના પથ પર સહકાર ક્ષેત્રમાં આવી શકે છે. એવું સરસ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું.

વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા કુ. ભાગ્યશ્રીબેન શીલુ બન્યા હતા અને તેમને સર્વ મહાનુભવો દ્વારા ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાણકિયા કોલેજ ખાતે વિદ્યાર્થીઓની 'કેમ્પસ સહકારી મંડળી' પણ કાર્યરત છે. જેમાં આગામી સમયમાં કઈ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તેવું માર્ગદર્શન સહકારી ક્ષેત્રના અધિકારી સાગરભાઈ મહેતા દ્વારા આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયાના માર્ગદર્શન હેઠળ થયું હતું અને કાર્યક્રમનું સંચાલન ડો. હરેશદેસરાણીદ્વારાકરવામાંઆવ્યુંહતું અને અંતમાં અમરસિંહ રાઠોડ (ગોપાલભાઈ)એ આભાર વિધિ કરી હતી.

કોલેજના તમામ અધ્યાપકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવીહતી.

## વડિયા : ગૌ સેવા મંડળ દ્વારા મફત દંતયજ્ઞ કેમ્પ યોજાયો

વડિયા તા. ૭

વડિયામાં ગૌસેવા મિત્ર મંડળ દ્વારા પ્રતાપરાય ભાઈચંદભાઈ કામદાર ના પરિવારના સહયોગ થી દાંતના બત્રીશી(ચોગઠા ) અને દાંત ની સારવાર નો કેમ્પ વડિયા ની પટેલ વાડી સ્થિત યોજાવામાં આવ્યો હતો.

આ કેમ્પ નુ મહાસતીજી ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી લોકો માટે ખુલ્લો મુકવામાંઆવ્યોહતો. જેમા ૧૬૦ થીવધુ દર્દીઓએ પોતાના દાંત અને ચોકઠાં બેસાડવાનીસારવારરાજકોટનાનામાંકિત ડોક્ટર ની ટીમ પાસેથી લીધી હતી.આ કાર્યક્રમમાં જૈન સંપ્રદાય ના મહાસતીજી, પ્રતાપરાયકામદાર, ઈન્ચાર્જમામલતદાર કેઝરભાઈ સિંધી, કાળુભાઈ વડેરિયા, ભુપતભાઈ ગોહિલ, સરપંચ મનીષભાઈ ઢોલરીયાસહિતનાલોકોએહાજરીઆપી હતી. સમગ્ર કેમ્પ ને સફળ બનાવવા માટે ગૌસેવા મિત્ર મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



## બસ સ્ટેન્ડથી લઈને જાહેર માર્ગો ઉપર આગળ ગામજનો ને પાછળ આખલો

# વડિયામાં તોફાને ચડેલ આખલાએ ગામજનોને દોડતા કર્યા


**આખલાથી બચવા ગામજનોએ હડિયાપટ્ટી શરૂ કરી દીધી**

**૨ વ્યક્તિઓને પણ આખલાએ હડફેટે લીધાનું બહાર આવ્યું**

**ગામનાં યુવાનોએ ભેગા થઈને ૩ કલાકની જહેમત બાદ આખલાને ખિલે બાંધ્યો**

**મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારથી ત્રસ્ત જનતાને હવે પશુઓથી પરેશાની**




તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા




અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લાનાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રખડતા આખલાઓ, ભટકતી ગાય અને ભસભસ કરતા રખડુ શ્વાનની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બની રહી છે અને પંચાયતથી લઈને પાલિકા પાસે રખડતા પશુઓની સમસ્યા દુર કરવાનું કોઈ આયોજન જ જોવા મળતું નથી.

અમરેલી શહેરમાં જાહેર માર્ગો ઉપર દિવસ–રાત અડિંગો જમાવીને બેસતા ખુંટિયાઓ, ગાય અને નાગરિકોને દોડાવતા અને રાત્રિની ઉંઘ ખરાબ કરનાર રખડુ શ્વાનથી સૌ કોઈ તોબા પોકારી ગયું છે.

દરમિયાનમાં આજે વડિયા ગામમાં તોફાને ચડેલ આખલાએ બસ સ્ટેન્ડ સહિતનાં વિસ્તારમાં દોડધામ મચાવી દીધી હતી અને બિન સત્તાવાર રીતે ર વ્યકિતઓ ઈજાગ્રસ્ત બન્યાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ગામનાં યુવાઓને એકત્ર થઈને આખલાને ૩ કલાકની જહેમત બાદ ખિલે બાંધતા ગામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

### જિલ્લામાં વન્ય પ્રાણીઓ અસુરક્ષિત બન્યા

## ખાંભા–ડેડાણ માર્ગ ઉપર અજાણ્યા વાહને હડફેટે લેતાં બાળ દીપડાનું મોત

**વનવિભાગે અજાણ્યા વાહન ચાલકની શોધખોળ આદરી**

ખાંભા, તા. ૭

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓના રોડ અકસ્માતની ઘટનામાં વધારો થઈ રહ્યો છે જયારે ખાંભા ડેડાણ રોડ પર અજાણ્યા વાહને ચાર માસના દીપડાના બચ્ચાને અડફેટે લેતા દીપડાનું બચ્ચું મૃત્યુ પામ્યું હતું ત્યારે વનવિભાગની ટીમ પેટ્રોલિંગ દરમિયાન ચાર માસના દિપડાનો મૃતદેહ મળ્યો હતો ત્યારે વન વિભાગની ટીમને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આંબરડી સફારી પાર્ક ખસેડવામાં આવ્યો હતો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અજાણ્યા વાહનની અડફેટે આવવાથી દીપડાના બચ્ચાને ગંભીર ઈજાઓ થઈ હતી દિપડાનું બચ્ચું મૃત્યુ પામ્યું હતું ત્યારે ખાંભા વન વિભાગ દ્વારા અજાણ્યા વાહન ચાલકોની શોધખોળ કરી રહ્યું છે.

### ડાયમંડ એસોસિએશનની માંગ પૂર્ણ

## લીલીયા મોટા ખાતે હવેથી રવિવારને બદલે ગુરૂવારે વીજકાપ રહેશે

**ધારાસભ્ય અને વીજ અધિકારીનો આભાર માન્યો**

લીલીયા મોટા, તા. ૭

લીલીયા મોટા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામત દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ એ.સી.ને પત્ર લખી જણાવેલ કે લીલીયા સીટીમાં કેબલનું કામ ચાલે છે ત્યારે અત્યાર સુધી રવિવારના દિવસે પાવર કાપ રાખેલ હોય તેમા ફેરફાર કરવા જણાવેલ લીલીયા મોટા નાયબ ઈજનેર સી.કે. દેવમુરારીને રૂબરૂમાં પ્રગતિ ક્રેડીટ સોસાયટી ખાતે

અનુસંધાન પાના ૬ ઉપર




### વન વિભાગનાં અધિકારીઓ સિંહો માટે ખોરાકની પણ વ્યવસ્થા કરી શકતા નથી

## બગસરાનાં હામાપુરનાં બસ સ્ટેશન વિસ્તારમાં સિંહે ત્રાટકીને પાંચ રેઢીયાર ગાયોનું કર્યુ મારણ

**રાત્રિનાં સમયે અવારનવાર સિંહોનાં આગમનથી ફફડાટ**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૭

બગસરાના હામાપુર ગામે રાત્રિ દરમિયાન સિંહો દ્વારા એકી સાથે પાંચ ગાયો અને એક સ્વાનનું મારણ કરવામાં આવ્યું હતું. ત્યારે આ માર્ગ શહેરના મુખ્ય માર્ગ જેવા તો બસ સ્ટેશન જેવા વિસ્તારમાં કરેલું હોવાથી લોકોમાં ભયનો માહોલ ઊભો થઈ ગયો છે. જયારે આ ગામમાં છાસવારે આવા બનાવો બનતા જોવા મળી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા સિંહને આ ગામથી દૂર ખદેડવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

જયારે ગઈકાલે રાત્રે દરમિયાન આ મારણ કરવામાં આવ્યું હતું જેના લીધે લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જયારે આ બાબતની જાણ જાગૃત નાગરિક દ્વારા વન તંત્રને કરવામાં આવતા વન તંત્ર ત્યાં દોડી આવેલ હતું અને આ તમામ મારણને ત્યાંથી ખસેડી દેવામાં આવ્યું હતું. જયારે આ ગામથી જંગલ વિસ્તાર ખુબ નજીક આવેલ હોવાથી આવા બનાવો છાશવારે જોવા મળતા હોય છે. જયારે ગઈકાલના બનાવ શહેરની એકદમ મધ્યમાં બસ સ્ટેશન વિસ્તારમાં મારણ કરેલું હોવાથી લોકોમાં ભયનો માહોલ પ્રસરી ગયો છે અને લોકોમાં માંગ ઉઠી છે કે આ સિંહને તાત્કાલિક આ ગામોથી દૂર જંગલ તરફ ખદેડવામાં આવે.

### કર્મચારીઓનો અભાવ નડે છે ગ્રાહકોને

## સમસ્યા : બગસરાની બેન્ક ઓફ બરોડામાં ગ્રાહકોની પાસબુકમાં એન્ટ્રીનું કામકાજ બંધ

**૨૯ હજાર જેટલા ખાતાધારકો છતાં સુવિધા શુન્ય**

બગસરા, તા.૭

બગસરા બેંક ઓફ બરોડામાં ઘણા સમયથી ખાતા ધારકો પાસબુકમાં એન્ટ્રી પડાવવા માટે ચાલુ વરસાદમાં પણ ધર્મના ધક્કા ખાતા જોવા મળી રહ્યા છે. મેનેજર દ્વારા ગ્રાહકો રજૂઆત કરે તો એવો જવાબ આપવામાં આવે છે કે અમારી પાસે એન્ટ્રી પાડવા માટે કોઈ કર્મચારી નથી કાલે આવજો કાલે જઈએ તો પાછા કાલે આવજો. જેમની સાથે વાત કરતા તેમને જણાવેલ કે દસ દિવસ સુધી કોઈ કર્મચારી આવવાના


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

નથી ૮ થી ૧૦ દિવસ પછી એન્ટ્રી પાડવા માટે આવજો ત્યાં સુધી એન્ટ્રી તો નહીં જ પડે આવા ઉદ્ધત જવાબો આપવા આવી રહ્યા

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)